આજનો સુવિચાર

જે લોકો બીજાની ભલાઈ માટે કાર્ય કરે છે તેના ભલા માટે જગતની સર્વે વસ્તુઓ કામ કરે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૩૪ જૂનાગઢ તા. ૧૪-૦૯-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

કચ્છનાં દરીયામાંથી રૂા.૨૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું : ૯ પાક. શખ્સોની ધરપકડ

એટીએસ - કોસ્ટ ગાર્ડની સંયુકત કાર્યવાહી : ગુજરાતમાંથી ડ્રગ્સ પકડાવાનો સીલસીલો યથાવત : પંજાબની જેલમાં બંધ નાઈજીરીયાનાં શખ્સે ડ્રગ્સ મંગાવ્યું હોવાનો ઘટસ્ફોટ

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ,તા. ૧૪

ગુજરાતમાંથી નશીલા પદાર્થો-ડ્રગ્સનો જથ્થો પકડાવાનો સીલસીલો અટકતો ન હોય તેમ આજે એટીએસ અને કોસ્ટ ગાર્ડે વધુ એક સંયુકત ઓપરેશન હાથ ધરીને આંતરરાષ્ટ્રીય જળસીમા વિસ્તારમાંથી રૂા.૨૦૦ કરોડના ડ્રગ્સ સાથે ૯ પાકિસ્તાની શખ્સોની ધરપકડ કરી હતી. પંજાબની જેલમાંથી આ સમગ્ર કારોબાર થતો હોવાનો ઘટસ્ફોટ થયો છે.

એટીએસના આધારભૂત સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે સમુદ્ર માર્ગે મારફત ડ્રગ્સનો જથ્થો ઘુસાડવા વધુ એક પ્રયાસ થઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે એટીએસ તથા કોસ્ટ ગાર્ડે વોચ ગોઠવી હતી અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં ખાસ નજર રાખવામાં આવી રહી હતી. તે દરમ્યાન કચ્છના જખૌથી ૩૩ દરિયાઈ માઈલ દૂર પાકિસ્તાની શંકાસ્પદ બોટને પકડવામાં આવી હતી અને તલાશીમાં ૨૦૦ કરોડનું ૪૦ કિલો ડ્રગ્સ મળી આવ્યું હતું. ૯ પાકિસ્તાની શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી અને બોટ તથા પાકિસ્તાની શખ્સોને જખૌ લાવવામાં આવ્યા છે.

આ ડ્રગ્સનો જથ્થો પંજાબની જેલમાં બંદ એક નાઈજીરીયન આરોપીએ મંગાવ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ગુજરાતની દરિયાઈ સીમાની અંદર કેટલાક નોટિકલ માઈલ્સ પાકિસ્તાનની મરીન સીમામાં જઈને ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. આ ઓપરેશમાં કુલ ૯ પાકિસ્તાની શખ્સોની ધરપકડ કરાઈ છે. તેમની પાસેથી એક બોટ પણ કબજે કરાઈ છે. તમામ પાસેથી કુલ ૪૦ હેરોઈનના પેકેટ મળી આવ્યા છે.

ગુજરાતમાંથી છેલ્લા એક-દોઢ વર્ષથી નશીલા દ્રવ્યોનો જંગી જથ્થો પકડાતો રહ્યો છે. સૌરાષ્ટ્રના બંદરો, જળસીમા તથા સીમાવર્તી ગામડાઓમાંથી ચાલુ વર્ષે જ અત્યાર સુધીમાં માત્ર એટીએસે ૯ ઓપરેશન હાથ ધર્યા છે અને અંદાજીત રૂા.૧૯૦૦ કરોડનો ડ્રગ્સનો જથ્થો પકડ્યો હોવાનું અત્રે ઉલ્લેખનીય છે.

ગુજરાતમાંથી ડ્રગ્સ પકડાવાના સીલસીલાને પગલે રાજકીય પ્રત્યાઘાતો પડ્યા છે અને સરકારની નિષ્ફળતાથી ડ્રગ્સ સિન્ડીકેટ સક્રિય હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો કે રાજય સરકાર ડ્રગ્સ સિન્ડીકેટના ષડયંત્રોને નિષ્ફળ બનાવી રહ્યાનો દાવો કરી રહી છે. તાજેતરમાં જ નાર્કોટીક બ્યુરો તથા એટીએસના સંયુક્ત ઓપરેશનમાં વડોદરા અને અંકલેશ્વરમાંથી પણ ડ્રગ્સનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. આ સિવાય દિલ્હી, ઉતરપ્રદેશ, કોલકાતામાં પણ એટીએસે ઓપરેશન પાર પાડ્યું હતું.

નાથદ્વારાથી 5-G સેવા શરૂ કરવાનો મુકેશ અંબાણીએ સંકેત આપ્યો

નાથદ્વારા તા. ૧૪

રિલાયન્સ ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણીએ 5-G સર્વિસ શ્રીનાથજીની નગરી નાથદ્વારાથી શરૂ કરવાના સંકેત આપ્યા છે. મુકેશ અંબાણી ભગવાન શ્રીનાથજીના દર્શન કરવા આવ્યા હતા. આ દરમ્યાન તેમણે જીઓ મોબાઈલની 5-G ઈન્ટરનેટ સુવિધાની શરૂઆત નાથદ્વારાથી જ કરવાની શકયતા વ્યકત કરી હતી.

એલન મસ્ક ટ્વીટર ખરીદી લેશે : શેરહોલ્ડર્સે મંજુરી આપી

ન્યુયોર્ક તા. ૧૪

ટ્વીટરના શેર હોલ્ડર્સે એલન મસ્કની ૪૪ અરબ ડોલરની ડીલને ખરીદવાની મંજૂરી આપી દીધી છે. કંપનીએ આ મામલે કહ્યુ છે કે, શરૂઆતના કાઉન્ટિંગથી જાણવા મળ્યું છે કે, શેયર હોલ્ડર્સના ૪૪ બિલિયન ડોલરમાં ટ્વીટરને ખરીદવા માટે એલન મસ્કની બોલીને સમર્થન આપ્યું હતું. ભલે તે કોન્ટ્રાક્ટ તોડવાની કોશિશ કરી રહ્યા હોય. ન્યૂઝ એજન્સી રોયટર્સે આ અંગેની જાણકારી આપી હતી.

ગુજરાત, મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી : યલો એલર્ટ

નવી દિલ્હી તા. ૧૪

હવામાન વિભાગ અનુસાર આગામી થોડા દિવસોમાં મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડ સહિત દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આ રાજ્યોના ઘણા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. આ ઉપરાંત આગામી પાંચ દિવસ દરમ્યાન ગુજરાત અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ રહેવાની સંભાવના છે.

આ તરફ આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લો ભારે વરસાદ બાદ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારતીય હવામાન વિભાગે ગુજરાત-મહારાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

પાકિસ્તાનનાં સ્વાત જીલ્લામાં બોંબ વિસ્ફોટ પાંચનાં મોત

ઈસ્લામાબાદ, તા.૧૪: પાકિસ્તાનમાં બોમ્બ બ્લાસ્ટની ઘટના સામાન્ય થઈ ગઈ છે, ગતરાત્રે સ્વાતના બારા બંદાઈ વિસ્તારમાં રિમોટ કંટ્રોલ દ્વારા વિસ્ફોટ કરવામાં આવતા પાંચ લોકોના મોત નિપજ્યા છે. આ વિસ્ફોટમાં શાંતિ સમિતિના સભ્યો સાથે પોલીસ કર્મીઓ માર્યા ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

અમદાવાદમાં નિર્માણાધીન ઈમારતની લીફ્ટ તુટી પડતા ૭ શ્રમિકોનાં કરૂણ મોત

અમદાવાદ તા. ૧૪

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી નજીક એસ્પાયર નામના બિલ્ડિંગનું બાંધકામ કામ ચાલી રહ્યું હતું. આ દરમ્યાન લિફ્ટ તૂટતાં ૭ શ્રમિકનાં મોત થયાં હોવાના સમાચાર મળી રહ્યા છે. એસ્પાયર-૨ નામના બિલ્ડિંગમાં બાંધકામ દરમ્યાન સાતમા માળેથી લિફ્ટ તૂટતાં ૭ મજૂરનાં મોત થયાં છે.

મૃત્યુ પામનાર શ્રમિકોમાં સંજયભાઈ બાબુભાઈ નાયક, જગદીશભાઈ રમેશભાઈ નાયક, અશ્વિનભાઈ સોમાભાઈ નાયક, મુકેશ ભરતભાઈ નાયક, રાજમલ સુરેશભાઈ ખરાડી, પંકજભાઈ શંકરભાઈ ખરાડીનો સમાવેશ થાય છે. એક સાથે ૭ શ્રમિકોનાં મોતની ઘટનાથી હાહાકાર મચી ગયો છે. અમદાવાદ મ્યુની. કોર્પોરેશનનાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા છે. તપાસનાં આદેશ આપવામાં આવ્યા છે.

બિહારનાં બેગુસરાઈ જીલ્લામાં અંધાધુંધ ગોળીબારની ઘટના ૪૦ મીનીટમાં ૧૦ લોકોને ગોળી મારી : એકનું મોત

પટણા,તા. ૧૪: બિહારના બેગુસરાય જિલ્લામાં એક ખળભળાટ મચાવનારી ઘટના સામે આવી છે, જયાં ચકિયા પોલીસ સ્ટેશન વિસ્તારના થર્મલ ગેટ પાસે બે સાયકો અપરાધીઓએ ૧૦ લોકોને ગોળી મારી છે. આ ઘટનામાં ૯ લોકો ઘાયલ થયા હતા જયારે ગોળી વાગવાથી એક વ્યકિતનું મોત થયું હતું. કહેવાય છે કે મંગળવારે સાંજે બાઈક ઉપર આવેલા બે ગુનેગારોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો અને ૧૦ લોકોને ગોળી મારી દીધી હતી જેમાં એક વ્યકિતનું મોત થયું છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે સૌથી આશ્ચર્યની વાત એ હતી કે ગુનેગારો ૪૦ મિનિટ સુધી અલગ-અલગ જગ્યાએ ગોળીબાર કરતા રહ્યા, પરંતુ પોલીસની ટીમે કોઈ કાર્યવાહી કરી નહીં. એવું કહેવાય છે કે ગુનેગારોએ લગભગ ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૪૦ મિનિટથી વધુ સમય સુધી તાંડવ મચાવ્યું અને પછી પટના તરફ નીકળી ગયા. હાલ ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રથમ ઘટના બચવારા પોલીસ સ્ટેશન વિસ્તારના ગોધનાની છે, જયાં ગુનેગારોએ ત્રણ રાહદારીઓને ગોળી મારી હતી, જેમાંથી એક ઘાયલ ખાનગી ફાઈનાન્સ કંપનીનો કર્મચારી હોવાનું કહેવાય છે. બીજી તરફ, બીજી ઘટના તેઘરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના આધાર પુર નજીક બની હતી, જયાં ગુનેગારોએ અલગ-અલગ સ્થળોએ દીપક કુમાર અને વિકાસ કુમારને ગોળી મારી હતી.

ભારતમાં જી-૨૦ દેશોની શિખર પરીષદ યોજાશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૪

ભારત ૨૦૨૨ના અંતમાં શરૂ થનારી જી-૨૦ બેઠકની અધ્યક્ષતા કરશે. ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી જી-૨૦ની અધ્યક્ષતા કરશે. વિદેશ મંત્રાલય દ્વારા આજે એક નિવેદન બહાર પાડીને આ માહિતી આપવામાંઆવીછે. વિદેશમંત્રાલયે જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ રાજય અને સરકારના વડાઓના સ્તરે જી-૨૦ લીડર્સ સમિટ યોજાવાનીછે. જી-૨૦ અથવા ગ્રુપ ઓફ ૨૦ વિશ્વની મુખ્ય વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓનું આંતરસરકારી મંચ છે. તેમાં ૧૯ દેશોનો સમાવેશ થાય છે જી-૨૦માં સામેલ દેશોમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, કોરિયા, મેકસિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, યુએસએ અને યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે. સામૂહિક રીતે, જી-૨૦ વૈશ્વિક જીડીપીમાં ૮૫ ટકા, આંતરરાષ્ટ્રીય વેપારમાં ૭૫ ટકા અને વિશ્વની બે-તૃતિયાંશ વસ્તીનો હિસ્સો ધરાવે છે, જે તેને આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટેનું એક મુખ્ય મંચ બનાવે છે.

વડોદરામાં રખડતા ઢોરે મહિલાને ઢીંક મારતા ગર્ભસ્થ શીશુનું મોત

વડોદરા :એક તરફ રાજય સરકારે આગામી વિધાનસભા સત્રમાં ઢોર નિયંત્રણનો કાયદો પરત ખેંચવાનો નિર્ણય લીધો છે અને માલધારી સમાજના આગેવાનોને મુખ્યમંત્રીએ આ વિશે ખાતરી આપી છે. પરંતુ ગુજરાતમાં રખડતા ઢોરોનું શું? જેનો ભોગ નાગરિકો બની રહ્યાં છે. સરકારે ચૂંટણી પહેલા પોતાની વોટબેંક બચાવવા બંધ બારણે ખેલ પાડી દીધો. પરંતું રખડતા ઢોરોથી હવે નાગરિકોને કોણ બચાવશે. આવામાં એક એવી ઘટના બની છે, જે જાણીને તમારૂ કાળજુ પણ કંપી ઉઠશે. જે બાળક હજી દુનિયામાં આવ્યું નથી તેનો જ રખડતા ઢોરે જીવ લીધો. વડોદરામાં રખડતા ઢોરે ગર્ભવતી મહિલાને અડફેટે લેતા મહિલાના ગર્ભમાં રહેલા શિશુનું મોત નિપજ્યું છે. પરિવારે બીકના માર્યે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે. પરંતું આ આંખ ખોલતો કિસ્સો છે. ત્યારે હવે સરકાર ક્યાં સુધી આંખ મીંચીને બેસી રહેશે?

સલાટવાડા વિસ્તારમાં રખડતા ઢોરે ગર્ભવતી માતાને અડફેટે લીધી હતી. રખડતી ગાય નાની બાળકીને ગાય મારતી હતી ત્યારે બાળકીને બચાવવા જતા ગર્ભવતી મહિલાને ગાયે ફંગોળી હતી. જેથી મહિલા ઈજાગ્રસ્ત બની હતી. ગર્ભવતી મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી.

ચાલુ વર્ષનાં અંત સુધીમાં જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી યોજાવાનાં સંકેતો

શ્રીનગર તા. ૧૪

દેશના સૌથી સંવેદનશીલ રાજય જમ્મુ- કાશ્મીરમાં આ વર્ષના અંત પુર્વે વિધાનસભા ચૂંટણીઓ યોજાશે તેવા સંકેત છે. રાજયને ખાસ દરજજો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદ રાજયમાં નવા સિમાંકનની પ્રક્રિયા પુર્ણ થઈ ગઈ છે. લદાખ ક્ષેત્રને અગાઉથી જ જમ્મુ-કાશ્મીરથી અલગ કેન્દ્ર શાસીત પ્રદેશ બનાવી દેવાયા છે અને તા.૧ ઓકટો. સુધીમાં રાજયની નવી મતદાર યાદી પણ તૈયાર થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજયમાં શાંતિ જાળવવા અને જનજીવન રોજીંદુ બને તે માટે સતત મોનેટરીંગ બેઠકો યોજી હતી અને હવે રાજયમાં રાજકીય પ્રક્રિયા શરૂ કરવા માટે યોગ્ય સમય હોવાનો પણ સંકેત મળી જતા આગામી ૨-૩ માસમાં જમ્મુ-કાશ્મીરમાં ધારાસભા ચૂંટણીયો યોજાશે અને ચૂંટાયેલી સરકારને રાજયમાં શાસન સુપ્રત કરી રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવાશે તેવું જાણકાર સુત્રોએ માહિતી આપતા જણાવ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં મીની બસ ખીણમાં ખાબકતા ૧૧નાં મોત

જમ્મુ તા. ૧૧

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં મોટો માર્ગ અકસ્માત થયો છે. મંડી તહસીલ સાવજિયામાં મિનિબસ ખીણમાં પડી હતી. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. લેફ્ટનન્ટ ગવર્નરે મિનિબસ અકસ્માત અંગે શોક વ્યકત કર્યો હતો. રાજય સરકારે મૃત્યુ પામેલા લોકોના આશ્રિતોને પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને ૧ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

મિની બસ જમ્મુ-કાશ્મીરના મંડીથી સાવજનજઈ રહી હતી. આ દરમ્યાન અચાનક ડ્રાઈવરે બસ ઉપરનો કાબૂ ગુમાવ્યો અને બસ ખાઈમાં પડી ગઈ હતી.

મહારાષ્ટ્રમાં ચોર સમજીને સાધુઓને ધોકાવ્યા

સાંગલી તા. ૧૪ : મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં મથુરાના ૪ સાધુઓને માર મારવાનો મામલો સામે આવ્યો છે. બોલેરો કારમાં સવાર સાધુઓએ સ્થાનિક લોકોને રસ્તો પૂછ્યો હતો અને લોકો તેમને ચાઈલ્ડ લિફ્ટર ગણતા હતા. આ અફવા ઝડપથી વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી અને સ્થળ ઉપર એકઠા થયેલા વિશાળ ટોળાએ સાધુઓને ખૂબ માર માર્યો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યો છે.

પટના સાહિબ ગુરૂદ્વારામાં ભકતે પાંચ કરોડનાં નકલી ઘરેણા ચડાવતા કડક કાર્યવાહી

પટના, તા.૧૪: બિહારના પટના સાહિબ ગુરુદ્વારામાં એક ભક્તના મોટા દાનની ચર્ચા થઈ રહી છે. પાંચ કરોડની કિંમતનાં હીરા-ઝવેરાત અને સોનાની બનેલી વસ્તુઓની અસલી અને નકલી હોવાના કેસએ વેગ પકડ્યો છે. ચર્ચા એટલા માટે છે કારણ કે ભક્તે પાંચ કરોડના દાનમાં આપેલા દાગીના તપાસમાં નકલી નીકળ્યા હતા. આ પછી તખ્ત શ્રી હરમંદિર પટના સાહિબના પંચ પ્યારાઓની બેઠક થઈ. જેમાં એક મોટો નિર્ણય લેવાયો હતો અને હાલના જથેદાર ગિયાની રણજીતસિંહે તનખૈયા તરીકે જાહેર કરાયા હતા.

તે જ સમયે, પંજાબના કરતારપુરના રહેવાસી ડો. ગુરવિંદર સિંહ સામરાને આ દાન આપવાનો ઈનકાર કર્યા પછી પણ, પંચ પ્યારાએ મીડિયામાં નિવેદન આપીને તખ્ત શ્રીહરમંદિર જી પટના સાહિબની ગરિમાને ઠેસ પહોંચાડવા બદલ કડક કાર્યવાહી કરી છે. . આ કાર્યવાહીમાં ડો. સામરાને એકપાત્રા લખાણ, ૧૧૦૦ કડાનો પ્રસાદ અને ત્રણ દિવસ સુધી ઘરમાં વાસણો ધોવા અને ચંપલ સાફ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જોઈએ છે

જૂનાગઢ જીલ્લા માટે શાળામાં ફરી એજ્યુકેશનલ પ્રોડકટનું માર્કેટીંગ કરી શકે તેવા સેલ્સ એકઝીકયુટીવની જરૂર છે.
Salary + T.A.+D.A. + Commision, 12th pass
૫૦ વર્ષથી નીચેના ઉમેદવાર, પોતાનું વાહન હોવું જરૂરી
સંપર્ક : મો. ૯૯૨૫૪ ૦૦૩૬૯
૯૬૨૪૮ ૨૯૪૮૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

લેવા-વેચવા
લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો
મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

નોબલ ટાઉનશીપ
જૂનાગઢ
ટેનામેન્ટ બનાવતા બિલ્ડરો માટે ખાસ સ્કીમ માટે મળો
૧૦૦ ચો.વાર પ્લોટનાં માલીક બનો....
મો. ૯૯૭૮૬ ૨૯૩૩૩
સંપર્ક : નોબલ ટાઉનશીપ
વંથલી રોડ, હરીઓમ એપાર્ટમેન્ટ પાસે, વિનાયક ગ્રીન સામેનો રોડ, જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ રાયોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડો. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા ત્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ આપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, પોર્ટેબિલ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસક્લુઝીવ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ડાઉનપેમેન્ટ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

ઘણી એન્ટિબાયોટિક્સ, રસીઓ અને કેન્સર વિરોધી દવાઓ સસ્તી થશે, યાદીમાં ૩૮૪ દવાઓ સામેલ

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૧૪

દેશમાં આવશ્યક દવાઓ સસ્તી થવા જઈ રહી છે. વાસ્તવમાં, કેટલીક એન્ટિ-ઈન્ફેકશન દવાઓ જેવી કે આઈવરમેક્ટિન, મ્યુપીરોસિન, નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી પણ નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ (NLEM)માં ઉમેરવામાં આવી છે. હવે આ યાદીમાં ૩૮૪ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે જ સમયે, આ રાષ્ટ્રીય સૂચિમાંથી ૨૬ દવાઓ દૂર કરવામાં આવી છે, જેમાં રેનિટીડિન, સુક્રેલફેટ, વ્હાઈટ પેટ્રોલેટમ, એટેનોલોલ અને મેથિલ્ડોપાનો સમાવેશ થાય છે. આવશ્યક દવાઓની યાદીમાં ઉમેરવાથી ઘણી એન્ટિબાયોટિક્સ, રસીઓ અને કેન્સર વિરોધી દવાઓ સસ્તી થઈ જશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવારે તાજી આવશ્યક દવાઓની યાદી બહાર પાડી. માંડવિયાએ ટ્વીટ કર્યું, 'આવશ્યક દવાઓની રાષ્ટ્રીય સૂચિ ૨૦૨૨ જાહેર થઈ. જેમાં ૨૭ કેટેગરીમાં ૩૮૪ દવાઓનો સમાવેશ થાય છે. ઘણી એન્ટિબાયોટિક્સ, રસીઓ, કેન્સર વિરોધી દવાઓ અને અન્ય ઘણી આવશ્યક દવાઓ પરવડે તેવી બની જશે અને દર્દીઓના ખિસ્સા બહારના ખર્ચમાં ઘટાડો થશે. અંતઃસ્ત્રાવી અને ગર્ભનિરોધક દવાઓ જેમ કે ફ્લુડ્રોકોર્ટિસોન, ઓર મેલોક્સિફેન, ઈન્સ્યુલિન ગ્લેર્ગિન અને ટેનેલાઈટિસ પણ આ સૂચિમાં ઉમેરવામાં આવી છે. આ સિવાય મોન્ટેલુકાસ્ટ (શ્વસનની દવા) અને લેટેનોપ્રોસ્ટ (આંખની દવા) ના નામ પણ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. સ્થાયી રાષ્ટ્રીય સમિતિ ઓન મેડિસિનનાં વાઈસ ચેરમેન ડો. વાય.કે. "આઈવરમેક્ટીન, મેરોપેનેમ, સેફ્ચુરોક્સાઈમ, એમિકાસીન, બેડાક્વિલિન, ડેલામેનિડ, ઈટ્રાકોનાઝોલ એબીસી ડોલુટેગ્રાવીર જેવી દવાઓ NLEMની યાદીમાં ઉમેરવામાં આવી છે, ગુપ્તાએ જણાવ્યું હતું. ડો. ગુપ્તાએ જણાવ્યું હતું કે, "નેશનલ લિસ્ટ ઓફ મેડિસિન્સ (NLEM) માં દવાઓનો સમાવેશ સુનિશ્ચિત શ્રેણીમાં કરવામાં આવે છે અને તેમની કિંમતો નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. ગયા વર્ષે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) હેઠળ એક નિષ્ણાત સમિતિએ ૩૯૯ દવાઓની સુધારેલી સૂચિ સબમિટ કરી હતી. વ્યાપક વિશ્લેષણ પછી, માંડવિયા દ્વારા મોટા ફેરફારોની માંગ કરવામાં આવી હતી.

બ્રહ્મ સમાજની તમામ પેટા જ્ઞાતિ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના બ્રહ્મ રાસોત્સવના ફ્રી પાસનું વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લા અને મહાનગર દ્વારા જિલ્લા પ્રમુખ કે.ડી. પંડ્યા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોશી, પુનિતભાઈ શર્મા, પ્રમુખ શહેર ભાજપ આયોજિત બ્રહ્મ રાસોત્સવ ૨૦૨૨ તથા શ્રી સહસ્ત્ર ચંડી હોમાત્મક યજ્ઞ બાલાજી ફાર્મ ચોબારી ફાટક પાસે જૂનાગઢમાં થશે. આ બ્રહ્મ રાસોત્સવના પાસ બ્રહ્મ પરિવારો માટે પાસ તદન ફ્રી રાખવામાં આવેલ છે. પાસ મેળવવા માટે બ્રહ્મ સમાજની તમામ પેટા જ્ઞાતિના પ્રમુખ પાસેથી જે તે જ્ઞાતિ પરિવાર ફ્રી પાસ મેળવી શકશે, ભરતભાઈ લખલાણી પુનિત શોપિંગ સેન્ટર, રાણાવાવ ચોક, એમજી રોડ, જૂનાગઢ, વીઆઈ સ્ટોર જનકપુરી સુપર એપાર્ટમેન્ટની નીચે ઝાંઝરડા રોડ, જૂનાગઢ, યશસ્વી ગ્રાફિક ડિઝાઈનર ઓફિસ નંબર ૧૫૩, પહેલો માળ, સેન્ટર પ્લાઝા કોમ્પ્લેક્સ, ટીંબાવાડી બાયપાસ, જૂનાગઢ, ટ્રસ્ટી હશુભાઈ જોષી ક્રિષ્ના કાર, ગેબનશાપીરની દરગાહ પાસે, વણઝારી ચોક, જૂનાગઢને ત્યાંથી સાંજે ૬ થી ૮ વચ્ચે મેળવી શકાશે. ફ્રી પાસ મેળવવા માટે આપનું આધાર કાર્ડ સાથે લઈ આવવું ફરજિયાત છે તેમ પ્રવકતા શૈલેષ પંડ્યા અને મહામંત્રી મહેશભાઈ જોષીની યાદી જણાવે છે.

રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલા વેંચાણ, સંગ્રહ અને વિતરણ ઉપરનો પ્રતિબંધ વધુ એક વર્ષ લંબાવાયો

(પ્રતિનિધિદ્વારા)

ગાંધીનગર તા.૧૪

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેંચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર હાલ પ્રતિબંધ છે. આ પ્રતિબંધ નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે તા.૯ સપ્ટેમ્બર-૨૦૨૨થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે. ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેંચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ઓસ્ટીન સોશ્યલ ગૃપ પાટલાનાં કામદારોનાં બાળકો માટે સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ ઓસ્ટીન સોશ્યલ ગૃપ પાટલા તરફથી કામદારોનાં બાળકો માટે સરસ્વતી સન્માન કાર્યક્રમનું તા. ૧૬-૯-૨૨નો સાંજે ૪ કલાકે મયારામ આશ્રમ, ગીરનાર દરવાજા રોડ પાસે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીને પ્રોત્સાહીત કરવા અને ઈનામ વિતરણમાં ભાગ લેવા માટે સીઆઈટીઓનાં ગુજરાત મહામંત્રી અરૂણભાઈ મહેતા, બટુકભાઈ મકવાણા, જીસાનભાઈ, હાથીયાભાઈ, સોહીલભાઈ, સાબીરાબેન શેખ, લોકસાહિત્યકાર ગઢવી વગેરે આગેવાનો ઉપસ્થિત રહેશે.

જૂનાગઢમાં ધાર્મિક ફાર્મ ખાતે જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સ્વરૂપાનંદજીને આવતીકાલે શ્રધ્ધાંજલી અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

પ.પૂ.શ્રી મુકતાનંદજીબાપુ પ્રમુખ ભારતીય સાધુ સમાજ અને આપણા બ્રહ્મ ગુરૂની પ્રેરણાથી સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ (સંગઠન) જૂનાગઢ, શ્રી પરશુરામ ફાઉન્ડેશન તથા વિશ્વહિન્દુ પરિસદ દ્વારા આપણા હિન્દૂ ધર્મના રક્ષક નીડર અને પ્રખર વકતા પુજયપાદ જ્યોતિષ્પીઠાધીશ્વર તથા દ્વારકા શારદાપીઠાધીશ્વર જગત ગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદજી બ્રહ્મલીન થતા દુઃખની લાગણી અનુભવે છે ત્યારે તમામ હિન્દૂ જ્ઞાતિઓ સાથે મળી આ સંત શિરોમણીને શ્રદ્ધાંજલિ આપીએ. આવતીકાલ તા.૧૫-૯-૨૦૨૨ને ગુરૂવારે સાંજના ૪ થી ૬ દરમ્યાન ધાર્મીક ફાર્મ ગાયત્રી મંદિર સામે, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે શ્રધ્ધાંજલી કાર્યક્રમનું આયોજન કરાયું છે જેમાં ઉપસ્થિત રહેવા સમસ્ત બ્રહ્મયુવા ટ્રસ્ટ (સંગઠન) જૂનાગઢ, શ્રી પરશુરામ ફાઉન્ડેશન જૂનાગઢ, શ્રી વિશ્વહિન્દૂ પરિષદ જૂનાગઢ, શ્રી ગોડ સેવા સમિતિ જૂનાગઢનાં આયોજકોની યાદીમાં અપીલ કરાયછે.

મુસ્લિમ સમાજને પુરતું પ્રતિનિધિત્વ મળે તે મામલે મુસ્લિમ એકતા મંચ દ્વારા રાજયવ્યાપી ઝુંબેશ

આગામી ૧૭ સપ્ટેમ્બરથી અધ્યક્ષ ઈમ્તિયાઝ પઠાણની આગેવાનીમાં મંચનાં કાર્યકરો શહેરો ગામડાઓ ખુંદશે અભિયાનનાં ભાગરૂપે જાહેર કરાયો પ્રવાસ કાર્યક્રમ : દરેક ક્ષેત્રનાં આગેવાનો આમ નાગરીકો સાથે થશે સીધો સંવાદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

દેશમાં અંગ્રેજોની ગુલામી બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી પ્રજાસત્તાક તંત્ર અમલમાં આવ્યું છે જેનાં ભાગરૂપે આ દેશની જનતા ચૂંટણીઓનાં માધ્યમથી પોતાનાં પ્રતિનિધિઓને વિધાનસભા-સંસદમાં મોકલી પોતાનાં ભવિષ્યનો ફેસલો જાતેજ કરે છે. ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી એક જ પક્ષનું સાશન છે ત્યારે આગામી ડિસેમ્બર ૨૦૨૨માં ફરી એકવાર વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. જેનાં દ્વારા ગુજરાતની જનતા પોતાનું યોગ્ય અને સક્ષમ પ્રતિનિધિઓને વિધાનસભામાં મોકલવા માટે મતદાન કરશે આ ચૂંટણીઓમાં ગુજરાતનાં મુસ્લિમ સમાજને યોગ્ય સક્ષમ અને પુરતું પ્રતિનિધિત્વ મળેતે હેતુથી મુસ્લિમ સમાજનાં નિડર અને કાર્યદક્ષ સંગઠન મુસ્લિમ એકતા મંચ દ્વારા સુનિયોજીત અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે આ અભિયાનનો હેતુ અને આયોજન બાબતે વાત કરતા મુસ્લિમ એકતા મંચનાં અધ્યક્ષ ઈમ્તિયાઝ પઠાણે જણાવ્યું હતું કે, આઝાદી બાદ દેશમાં એકતા અને ભાઈચારાનો માહોલ હતો અને આ દેશમાં વસવાટ કરતા દરેક જાતી અને કોમનાં નાગરિકોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે આ દેશનાં સંવિધાન નિર્માતાઓ એ તકનીસમાનતા પ્રદાન કરી હતી. ગુજરાત વિધાનસભામાં પણ ગુજરાતમાં રહેતા મુસ્લિમ સમાજની વસ્તીનાં આધારે જે તે વખતે તેમને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હતું પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં વર્તમાન શાસકોની નીતિ રિતીનાં કારણે સમાજમાં ઉભા થયેલા વૈમન્યસયનાં કારણે ધીમેધીમે દરેક રાજકીય પક્ષો દ્વારા મુસ્લિમ સમાજને કોરાણે પાડી દેવામાં આવ્યો હોય તેમને વિધાનસભા ચૂંટણીઓમાં ટીકીટો આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં મુસ્લિમ સમાજની વસ્તી ૧૦ ટકા જેટલી હોય ૫૦ લાખથી વધુ મુસ્લિમ મતદારો હોવા છતાં મુખ્ય રાજકીય પક્ષો દ્વારા મુસ્લિમ સમાજને ભારોભાર અન્યાય કરવામાં આવી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી એકપણ મુસ્લિમ વ્યકિતને વિધાનસભામાં ટીકીટ આપતી નથી તો કોંગ્રેસ દ્વારા પણ નામ માત્રનાં મુસ્લિમ ઉમેદવારોને ચૂંટણીમાં ઉતારવામાં આવે છે. ગુજરાતમાં નવી આવેલી આમ આદમી પાર્ટીમાં પણ મુસ્લિમો સાથે સેકન્ડ કલાસ સીટીઝન જેવું વર્તન કરવામાં આવી રહ્યું હોય તેમ પ્રદેશ કક્ષાએ એકપણ સક્ષમ મુસ્લિમ આગેવાનને જવાબદારી સોંપવામાં આવી નથી. આવા સંજોગોમાં મુસ્લિમ સમાજે કોઈપણ પક્ષ કે નેતાઓની લાગણીમાં દોરવાયા વગર પોતાનાં ભાવીનો ફેસલો પોતાની જાતે કરવાનો સમય આવી ગયો છે. એઆઈએમઆઈએમ જેવા પક્ષો મુસ્લિમ સમાજને અન્ય સમાજોની સામે મુકી ગુજરાતનું વાતાવરણ ડહોળવાનું કામ કરે તો નવાઈ નહીં ત્યારે ગુજરાતનાં મુસ્લિમ સમાજે પોતાની સક્ષમતા અને તાકાત દર્શાવી અન્ય સમાજોને સાથે રાખી પોતાનું પ્રતિનિધિત્વ વિધાનસભામાં કેમ વધારવું તે બાબતે એક ખાસ રણનિતી ઉપર કામ કરવા મુસ્લિમ એકતા મંચ દ્વારા આગામી સમયમાં ખાસ કાર્ય યોજના અંતર્ગત કામ કરવાનું નક્કી કર્યું છે. જેનાં ભાગરૂપે આગામી ૧૭ સપ્ટેમ્બરથી ચૂંટણીનાં દિવસ સુધી ઈમ્તિયાઝ પઠાણ સહિત મુસ્લિમ એકતા મંચનાં સેંકડો કાર્યકરો ગુજરાતનાં શહેરો-ગામડાઓનો સતત પ્રવાસ કરીને ચોક્કસ દીશામાં વાતાવરણ બનાવશે અને જાગૃતિ ફેલાવાશે.

દ્વારકામાં અખંડ મહા મહોત્સવ વિજયમંત્ર વિજયોત્સવ યોજાયો

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૪

દ્વારકાધામ સ્થિત અખંડ હરીનામ સંકીર્તન મંદિર ટ્રસ્ટ દ્વારા વિશ્વકલ્યાણ અને વિશ્વબંધુત્વની એકમાત્ર મંગલ કામના સાથે ચાલી રહેલ અખંડ હરીનામ સંકીર્તનમાં ૨૦,૦૦૦ દિવસ પૂર્ણ થતાં દ્વારકામાં પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ હરીનામ સંકિર્તન મંદિરમાં તેની વિશેષ ઉજવણીનાં ભાગરૂપે અખંડ મહા મહોત્સવ યોજાય ગયેલ. જેમાં સંકીર્તન મંદિર ટ્રસ્ટ તથા દ્વારકા પ્રેમ પરીવાર દ્વારા વિવિધ કાર્યક્રમોની સાથે વિજય મંત્ર વિજયોત્સવ તરીકે વિશેષ ઉજવણી કરવામાં આવેલ હતી.

સમગ્રશિક્ષા અભિયાનની કચેરીને આરએમએસએ-મોડલ સ્કૂલોનાં મહેકમની જવાબદારીમાંથી મુકત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૪

રાજયમાં આવેલી ૫૩૨ આરએમએસાએ, ૭૨ મોડલ સ્કૂલો, ૨૦ મોડેલ ડે સ્કૂલોનાં મહેકમની તમામ પ્રકારની કામગીરી સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા હવે સંભાળવામાં આવશે નહી. અત્યાર સુધી સમગ્ર શિક્ષા પાસે આ કામગીરી હતી, પરંતુ હવેથી મહેકમ સંબંધિત તમામ કામગીરી કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સંભાળવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે મંગળવારનાં રોજ સત્તાવાર ઠરાવ બહાર પાડી આ અંગેનો હવાલો સોંપવાનો નિર્ણય કર્યો છે.

તલાટી કમ મંત્રીઓને રૂા.૯૦૦ના બદલે રૂા.૩૦૦૦નું માસિક ખાસ ભથ્થું અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

રાજયના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું છે કે, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ હસ્તકના તલાટી-કમ-મંત્રીઓને અપાતા ભથ્થામાં નોધપાત્ર વધારો કરવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. હવેથી તેમને અપાતા માસિક ખાસ ભથ્થા રૂા.૯૦૦/-ના બદલે રૂા.૩૦૦૦નું ખાસ ભથ્થું અપાશે. મંત્રીએ ઉમેર્યું કે, કર્મચારીઓના હિતને વરેલી રાજય સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ કક્ષાએ વિવિધ વિકાસ યોજનાઓના અમલીકરણ અધિકારી તરીકે કામગીરી સંભાળતા તલાટી-કમ-મંત્રીઓના કામમાં વર્ષ ૨૦૧૨ પછી ગ્રામ કક્ષાએ રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓના અમલીકરણ અધિકારી તરીકેની કામગીરીમાં વધારો થયો હોય આ મહત્વનો નિર્ણય કરાયો છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાત રાજય પંચાયત તલાટી મહામંડળની રજૂઆત પરત્વે હકારાત્મક અભિગમ દાખવીને તલાટી-કમ-મંત્રીઓને હાલમાં આપતા માસિક ખાસ ભથ્થું રૂા.૯૦૦/-ના બદલે રૂા.૩૦૦૦નું ખાસ ભથ્થું અપાશે. આ ખાસ ભથ્થાની ગણતરી પેન્શનના હેતુ માટે કરવામાં આવશે નહિ. આ નિર્ણયનો અમલ તા.૧૩-૯-૨૦૨૨થી કરવામાં આવશે. રાજય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ફરજ બજાવતા તમામ તલાટી-કમ-મંત્રીઓને આ નિર્ણય લાગુ પડશે તેમ તેમણે ઉમેર્યું હતું.

જગતગુરૂ શંકરાચાર્યજીને સોમનાથ સાનિધ્યે પ્રાર્થના સભામાં શ્રદ્ધાંજલિ અપાઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૪

શારદા મઠ દ્વારકા દેવસ્થાનના પીઠાધિશ્વર એવમ જ્યોર્તીમઠના જગત ગુરૂ સ્વામી શંકરાચાર્ય મહારાજ સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજનું તાજેતરમાં અવસાન થયેલ છે. જેને લઈ શ્રદ્ધાંજલી આપવા અર્થે સોમનાથ સાનિધ્યે આવેલ શારદાપીઠ ખાતે સોમવારે સાંજે પ્રાર્થના સભા યોજાઈ હતી. આ સભામાં પ્રખ્યાત લોક સાહિત્યકાર માયાભાઈ આહીર, નથુભાઈ સોલંકી, મિલનભાઈ જોશી સહિતના સ્થાનીક જુદા જુદા સમાજોના આગેવાનો અને લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને જગતગુરૂ સ્વામી શંકરાચાર્યજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા વિવિધ ક્ષેત્રનાં પ્રોફેસરોને 'નેશનલ બિલ્ડર એવોર્ડ' એનાયત કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટમાં ગત તારીખ ૧૦ને શનિવારનાં રોજ એમટીવી ખાતે રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા પ્રેસિડેન્ટ મેહુલ જામંગ, સેક્રેટરી ક્રીડન પડિયાની આગેવાનીમાં તેમજ ડીસ્ટ્રીકટ એ.જી. રોટેરિયન મેહુલ નથવાણીની વિશેષ ઉપસ્થિતિમાં એવા પ્રોફેસરો કે જેઓનું યોગદાન અને રૂ હોય એવા અલગ-અલગ સંસ્થા અને કોલેજો સાથે જોડાયેલા પ્રોફેસરોને નેશનલ બિલ્ડર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન રોટરિયન વિશાલ સરવૈયા તેમજ રોટરિયન ચિરાગ દાવડા દ્વારા કરવામાં આવ્યું હતુ. આ એવોર્ડ મેળવનાર પ્રોફેસરમાં દર્શન યુનિવર્સિટીનાં ભાવિન ક્રાનાણી, ક્રાયસ્ટ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ કોલેજનાં ચેતન પાઠક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સોસિયોલોજી વિભાગનાં હેડ ડો. જયશ્રી નાયક, ડીઆઈસીનાં મિતેષ વાઢેર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પ્રોફેસર પાર્થ સેજપાલ, મારવાડી યુનિવર્સિટીનાં ડો. રિતેશ પાલકર, કર્મયોગ એકેડમીનાં રીચા ભગદેવ, વીવીપી એન્જિનિયરિંગ કોલેજનાં પ્રોફેસર સુશીલ કોરગોકાર વગેરેનો સમાવેશ થાય છે. રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ ડીસ્ટ્રીકટ ૩૦૬૦ની એક યુવા મેમ્બરની કલબ છે જે હંમેશા સમાજ સેવા માટે વિવિધ કાર્યો કરી રહી છે. ત્યારે આ એક નવતર અભિગમ અને પ્રયોગ સાથે વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનાવવાની સાથે રાષ્ટ્રનું ભવિષ્ય ઘડવામાં જેમનું ઉમદા યોગદાન છે એવા લોકોને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ બાદ સૌ સ્વરૂચી ભોજન લઈને છુટા પડયા હતા.

ગીર સોમનાથ જિલ્લાના સાત પોલીસ કર્મચારીઓને સન્માનિત કરાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૪

ગીર સોમનાથ જિલ્લા પોલીસમાં જુદા જુદા સ્થળોએ ફરજ બજાવતા સાત જેટલા પોલીસ કર્મચારીઓએ ગત મહિના દરમ્યાન ફરજરૂપી બજાવેલ શ્રેષ્ઠ કામગીરીની નોંધ લઈ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પ્રસંશાપત્ર આપી સન્માનીત કરવામાં કર્યા હતા. આ સાત કર્મચારીઓમાં કાઈમ બ્રાન્ચના નરેન્દ્ર કછોટ, તાલાલા પોલીસના અનિતાબેન પરમાર, વેરાવળ ડીસ્ટાફના દેવદાનભાઈ કુંભારવાડીયા, સોમનાથ મરીનના મેરૂભાઈ ખુંટડ, મુકેશભાઈ બાંભણીયા, નરેશભાઈ ખુંટડ, અરજણભાઈ ખુંટડને સન્માનિત કરવામાં આવ્યા છે.

વિવિધ માંગણીઓને લઈ વિધાનસભા તરફ કૂચ કરી રહેલા માજી સૈનિકોને પોલીસે રસ્તામાં જ રોકયા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ શરૂ થઈ ગયા છે. રાજકીય પાર્ટીઓ જીત મેળવવા એડીચોટીનું જોર લગાવી રહી છે. આ વચ્ચે વિવિધ શાખાનાં કર્મચારીઓ પણ પોતાની માંગોને લઈને રસ્તા ઉપર ઉતરી આવ્યા છે. ત્યારે રાજય સરકાર સામે ૧૪ પડતર માંગણીઓને લઈને આંદોલનનાં માર્ગે ચાલેલા માજી સૈનિકોએ ગાંધીનગર વિધાનસભા તરફ કૂચ કરી હતી. પોલીસે શહેરમાં પ્રવેશવાનાં માર્ગો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ વિધાનસભાને પોલીસ છાવણીમાં ફેરવી દીધું હતું. મંગળવારે ચીલોડા આર્મી કેમ્પ ખાતે માજી સૈનિકોની ફોજ ઉતરી આવી હતી અને રેલી કાઢી ગાંધીનગર તરફ કૂચ કરે એ પહેલા જ પોલીસે તેઓને આગળ વધતા અટકાવ્યા હતા.

માજી સૈનિકોની પડતર માંગણીઓ

- શહીદ સૈનિકનાં પરિવારને રાજય સરકાર દ્વારા ૧ કરોડની સહાય
- માજી સૈનિકને વ્યવસાય વેરામાંથી મુકિત આપવામાં આવે
- ઉચ્ચ અભ્યાસમાં માજી સૈનિકનાં બાળકોને અનામત
- ગુજરાત સરકારી સેવામાં પ વર્ષ ફિકસ પગાર પ્રથા નાબૂદી
- માજી સૈનિકનાં બાળકોનાં અભ્યાસનો સંપૂર્ણ ખર્ચ રાખય સરકારે ઉઠાવવો
- શહીદ સૈનિકનાં દીકરા અથવા પરિવારનાં સભ્યને સરકારી નોકરી
- વર્ગ-૧ અને વર્ગ-૪ નિમણુંક વખતે માજી સૈનિકોને અપાતા અનામતનો ચુસ્ત અમલ
- ગાંધીનગર ખાતે રાજય લેવલનું શહીદ સ્મારક
- રહેણાંક માટે પ્લોટની ફાળવણીનાં નિયમનો ચૂસ્ત અમલ
- કોન્ટ્રાકટ પધ્ધતિ રદ કરીને સરકાર દ્વારા સીધી માજી સૈનિકની નિમણુંકની જોગવાઈ
- દારૂ માટે ભારતીય સેનાએ આપેલી પરમિટ માન્ય રાખવાની જોગવાઈ
- સેનાની નોકરીનો સમય ગાળો પૂર્ણઃ નોકરીમાં સળંગ ગણી પગાર રક્ષણ
- ગુજરાત સરકારી સેવામાં ૫ વર્ષ ફિકસ પગાર પ્રથા નાબુદી

આકાશમાં રહસ્યમય પ્રકાશ રેખા જોઈને લખનૌવાસીઓ દંગ, લોકોએ તસ્વીરો અને વીડિયો શેર કર્યો

(અજેન્સી દ્વારા)

લખનૌ તા.૧૪

લખનૌના આકાશમાં પ્રકાશની વિચિત્ર રેખા જોવા મળતા લખનૌના રહેવાસીઓ અચંબામાં પડી ગયા હતા. એક સીધી રેખામાં દેખાતી રહસ્યમય લાઈટો તેજસ્વી પ્રકાશનું ઉત્સર્જન કરતી વખતે ધીમી ગતિએ ચાલતી હોય તેવું લાગતું હતું. સ્થાનિકોએ તેમનાં કેમેરામાં ટમટમતી લાઈટસ કેદ કરી અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વીડીયો શરે કર્યો. ઘણા લોકો તેનાં મુળ વિષે અટકળો લગાવી હતી કેટલાક તેને આકાશી ઘટના માને છે જયારે અન્ય લોકો તેને વિચિત્ર ગણાવે છે. ટિવટર ઉપર કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે, તે અજાણી ઉડતી વસ્તુ (યુએફઓ) હોય શકે છે. એક વ્યકિતએ ટિપ્પણી કરી કે, સાંજે ૭:૧૫ વાગ્યે મેં જોયું કે પ્રકાશથી ભરેલી એક રહસ્યમય વસ્તુ જેવી કે ટ્રેન આકાશમાં મુસાફરી કરી રહી છે અને બોગીની બારીઓમાંથી પ્રકાશ બહાર આવી રહ્યો છે. જોકે, સૂત્રોએ જણાવ્યું હતું કે, તે સ્ટારલિંક-૫૧ સેટેલાઈટ ટ્રેન હતી. ૪ સપ્ટેમ્બરનાં રોજ, એલોન મસ્કની માલિકીની સ્પેસેકસાએ તેનાં સ્ટારલિંક ઈન્ટરનેટ ઉપગ્રહોની બીજી મોટી બેચ સાથે સ્પેસ ટગ ઉપર મોકલ્યું હતું. સ્પેસએકસ ફાલ્કન ૯ રોકેટ ફલોરિડાનાં પૂર્વ કિનારે કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી, ૫૧ સ્ટારલિંક ઈન્ટરનેટ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં છોડયું. અંતરિયાળ વિસ્તારો માટે લક્ષિત બ્રોડબેન્ડ સેવા માટે વિશાળ નક્ષત્ર બનાવવાનાં પ્રયાસમાં સ્પેસએકસએ પહેલાથી જ ૩,૦૦૦થી વધુ સ્ટારલિંક ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મોકલ્યો છે. મસ્ક દ્વારા સ્થાપિત કંપનીએ ૨૦૨૨માં ૨૫થી વધુ સ્ટારલિંક-સેન્ટ્રિક મિશન પણ શરૂ કર્યા છે. ૪ સપ્ટેમ્બરનું લોન્ચિંગ સ્પેસએકસનું વર્ષનું ૪૦મું હતું અને તે સ્ટારલિંક મેગા નક્ષત્રમાં જોડવાનું જારી રાખ્યું છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વાસથી વિકાસયાત્રા જીલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

સાંસદ રાજેશ ચુડાસમાના હસ્તે રૂા.૨૨.૭૫ કરોડના વિકાસના પ્રકલ્પોનું ઈ લોકાર્પણ - ખાતમુહૂર્ત કરાયું

જૂનાગઢ,તા.૧૪

વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે બીજા દિવસે સાંસદ રાજેશભાઈ ચુડાસમાના હસ્તે રૂપિયા ૨૨ કરોડના વિકાસના વિવિધ પ્રકલ્પોનું ઈ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા એ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે અમારી ડબલ એન્જિનની સરકારે સૌના સાથ સૌના વિકાસ સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું છે. કોરોનાની કપરી પરિસ્થિતિમાં વડાપ્રધાનએ મજબૂત નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. પીએમ કેર ફંડના માધ્યમથી કોરોના મહામારીમાં અનાથ થયેલ બાળકોની તમામ જવાબદારી સરકાર ઉઠાવી રહી છે. તેમણે આ તકે વધુમાં ગંગા સ્વરૂપા પેન્શન યોજના, ઉજવલા યોજના, આયુષ્માન ભારત જેવી કલ્યાણકારી યોજનાની સિદ્ધિની વાત કરી હતી. ૨આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, મેયર ગીતાબેન પરમાર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, સાવજ ડેરીના ડિરેક્ટર દિનેશભાઈ ખટારીયા એ પ્રાસંગિક ઉદબોધનમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખે રાજ્ય સરકારના વિકાસ કાર્યો વર્ણવી આ સરકાર હર હંમેશ લોકો માટે સમર્પિત અને લોકોની સુખાકારી માટે સતત કરી રહી છે તેમ પણ જણાવ્યું હતું.

માહિતી ખાતા દ્વારા તૈયાર થયેલ વિશ્વાસથી વિકાસયાત્રાની ગાથાને રજૂ કરતી ફિલ્મ પણ લોકોએ નિહાળી હતી. આ પ્રસંગે સાહિત્યનું વિતરણ તેમજ કલાકારો વૃંદ દ્વારા ગીત સંગીત રજૂ કરવામાં આવ્યુ હતું. વિશ્વાસથી વિકાસ યાત્રા હેઠળ જિલ્લા કક્ષાના ત્રણ વિકાસના કામોમાં રૂા.૮.૭૧ કરોડના ખર્ચે બીલખા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના અને વિસાવદર નગરપાલિકામાં રૂા.૦૭ કરોડના ખર્ચે પીવાના પાણી માટેની નલ સે જલ યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. ઉપરાંત માણાવદરમાં રૂપિયા ૫.૪૦. કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૬૬ કે.વી ભડુલા સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેકટર રચિત રાજ, જિલ્લા વિકાસ અધિકારી મીરાંત

પરીખ, એસપી રવિ તેજા વાસમ શેટ્ટી, જૂનાગઢ મનપા કમિશ્નર રાજેશ તન્ના, આસિસ્ટન્ટ કલેકટર હનુલ ચૌધરી, અગ્રણી પ્રદીપભાઈ ખીમાણી, કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.વી.પી.ચોવટીયા સહિતના અધિકારીઓ પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢમાં જનતા ગેરેજના મિત્રો દ્વારા સરકારી શાળાનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢમાં જનતા ગેરેજ દ્વારા જૂનાગઢ શહેરના નાગરિકોના પ્રાણ પ્રશ્નો બાબતે અવાર નવાર સંબંધિત કચેરીના વડાઓને યથા યોગ્ય રજૂઆત કરવામાં આવે છે, તેનાથી સૌ પરિચિત છે તે ઉપરાંત સમાજ સેવાના પણ અનેક કાર્ય કરવામાં આવે છે અને કોરોના મહામારી દરમ્યાન સરકારી હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગા માટે પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી તેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ પૈકી હાલમાં જૂનાગઢમાં જનતા ગેરેજના મિત્રો દ્વારા પ્રોજેકટ સ્માઈલ અંતર્ગત જૂનાગઢની વિવિધ સરકારી શાળાનાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તા.૧૩/૯/૨૦૨૨ નારોજ જનતા ગેરેજના કાર્યકર મિત્રો દ્વારા જૂનાગઢ શહેરની દોલતપરા પ્રાથમિક શાળા, ગ્રામોદ્યોગ મંદીર પ્રાથમિક શાળા, ખામધોલ પ્રાથમિક શાળા, ઝાંઝરડા પ્રાથમિક શાળા, સાબલપુર પ્રાથમિક શાળા, સરગવાળા પ્રાથમિક શાળા, સરદારપરા પ્રાથમિક શાળા તેમજ કુમાર શાળા નં.૬ તેમજ વિવિધ સરકારી શાળામાં અભ્યાસ કરતા આશરે ૪૦૦૦ કરતા વધુ

બાળકોને ફૂલસ્કેપ ચોપડા, બોલપેન, પેન્સિલ, સંચો, ચેક રબર, ફૂટપટ્ટી જેવી વસ્તુઓ કે જે વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ ઉપયોગી થાય તેવી સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ માટે જનતા ગેરેજના મિત્રો અને દાતાશ્રીઓના સહકારથી જૂનાગઢની મોટાભાગની સરકારી શાળાઓનાં વિદ્યાર્થીઓ સુધી આ પ્રોજેકટ સ્માઈલ કીટ પહોચતી કરવામાંઆવી રહીછે. સરકારી શાળાના આચાર્યો અને શિક્ષકો જનતા ગેરેજની આ સુંદર કામગીરીને બિરદાવી રહ્યા છે અને ખાસ તો સરકારી શાળાનીજ પસંદગી કરવા બદલ આભાર પણ વ્યકત કરી રહ્યા છે. કારણ કે સરકારી શાળાઓનાં વિદ્યાર્થીઓને આવી કિટની વધુ આવશ્યકતા હોય છે. આ કીટ વિતરણ દરમ્યાન બાળકોના ચેહરા પર પણ આવેલી ખુશી જોઈને પ્રોજેકટ સ્માઈલને સફળતા મળી હોવાનું જણાવ્યું હતું. વિશેષમાં આયોજકો એવા જનતા ગેરેજના નિલેશભાઈ દેવાણી, નરેન્દ્રભાઈ સોનરત, પિયુષભાઈ વાજા અજીતસિંહ ભાટી, જીગ્નેશભાઈ મકવાણા, ભદ્રેશભાઈ સોલંકી, પરેશભાઈ લોઢીયા તેમજ જયેશ વૈશ બધા સાથે મળીને સમાજ માટે કંઈક સારૂ કાર્ય કર્યું હોવાની અનુભૂતિ થઈ હોવાનું પણ જણાવ્યું હતું.

દ્વારકા : કલ્યાણપુર તાલુકામાં પાક નુકશાની સર્વે કરાવવાની કિસાન કોંગ્રેસની માંગ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જાણે મેઘ મહેરરૂપી કુદરતની મહેરબાનીની વર્ષી હોય તેમ લાગી રહ્યું છે પરંતુ સતત વરસાદના કરને ખેડૂતોને ખૂબ જ મોટું નુકશાન થયું છે. ૧૪૨ ટકા વરસાદના કારણે ખેડૂતોએ ૨-૨ વખત વાવણી કરવા છતાં ખેડૂતોના પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. ઓખા મંડળ અને કલ્યાણપુર તાલુકાના મોટાભાગના ગામોમાં ખેડૂતોને અતિવૃષ્ટિનો ભોગ બનવું પડ્યું છે તેમાંય જે કાંઠાળ એટલે કે કાઠી વિસ્તાર કહીએ છીએ તેવો આખો વિસ્તારમાં પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. ઉપરથી અત્યારે ખેડૂતોના ખેતરમાં જે ઘાસ ઊગી નીકળ્યું છે તે કાઢવામાં ખર્ચ અલગથી થયો છે એ વિસ્તારની સાથે સાથે રાવલ સાની મેઢાક્રિક આસપાસનો વિસ્તારમાં દરેક ખેડૂતોને પ્રતી વિઘે ઓછામાં ઓછું ૧૫-૨૦ હજારથી ૩૫-૪૦ હજારનું નુકશાન થયું છે. સરકાર દ્વારા અનેક વખત પાક નુકશાનીના સર્વે કરાવવાની જાહેરાત કરવામાં આવી છેપરંતુ ઓખા મંડળના એકપણ ગામમાં કે કલ્યાણપુર તાલુકાના એકપણ ગામમાં હજુ સુધી કોઈપણ વ્યક્તિ, કર્મચારી, અધિકારી હજુ સુધી સર્વે કરવા આવ્યા નથી દુઃખની વાત તો એ છે કે ઓખા મંડળના ઘડેચી ગામમાં સર વિસ્તારમાં ખેતરોમાં આજે પણ નાવડી હોળી ચાલે તેટલા પાણી

ભરેલા છે. તળાવ, સરોવર, દરિયામાં નૌકા વિહાર કર્યો હશે અમો આપ સાહેબને આજે ખેતરમાં નૌકાવિહાર કરવામાટે આમંત્રણ આપવા આવ્યા છીએ અમને પૂરો વિશ્વાસ છે કે આપ સાહેબ અમારા ખેતરમાં નૌકા વિહાર કરવાના આમંત્રણનેમાં આપી અવશ્ય પધારશો અને નૌકા વિહાર કર્યા પછી અમારા ખેડૂતોની લાગણી, પીડા, દુઃખ, દર્દ સમજશો અને તાત્કાલિકસર્વે કરવી અમને સહાયરૂપી આધાર બનશો. એવી જ રીતે ખેડૂતોના ખેતરમાં ઉભો પાક સુકાતો હોય, બોર કૂવામાં પાણી હોય પરંતુ વીજળી ગુલ થઈ જવાના કારણે ખેડૂતોને જરૂર હોય ત્યારે જ વીજળી ગાયબ થઈ જવાના કારણે ખેડૂતોએ નિઃસહાય થઈ જવું પડે છે. સરકાર દ્વારા ૬૬કેવી ચાસલાના સબસ્ટેશન મંજુર કરી ૧૦ વર્ષાથી તૈયાર કરી દેવામાં આવ્યું છે પરંતુ ૧૦ વર્ષથી તૈયાર આ ૬૬કેવીને રીબીન કાપી લોકાર્પણ કરવાનો સરકાર, તેમના પદાધિકારીઓ કે અધિકારીઓને હજુ સમય મળ્યો નથી. ૧૦ વર્ષ મશીનરી પડતર રહેવાના કારણે સંપૂર્ણપણે ખરાબ થઈ ગઈ એનો ખર્ચ છેલ્લે તો જનતા એ જ ભોગવવાનો છે. શું સરકારને લોક ઉપયોગી બનેલ ૬૬કેવી સબસ્ટેશન લોકાર્પણ કરવાનો પણ સમય નથી મળતો ? જો આ ૬૬કેવી કાર્યરત કરવામાં આવે તો ઓછામાં ઓછા ૨૦ થી ૨૫ ગામોને સીધો જ ફાયદો થાય તેમ છે. આમ આપ સાહેબને નમ્ર અનુરોધ છે કે, અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ પાક નુકશાની અંગે તાત્કાલિક સર્વે કરવામાં આવે, ૬૬કેવી સબસ્ટેશન ચાસલાનાને કાર્યરત કરવામાં આવે, જો દિવસ ૧૫માં અમારી ઉપરોક્ત બંને માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો અમારે મજબુરન ગાંધી ચીંધ્યા માર્ગે લડત કરવી પડશે જેની સંપૂર્ણપણે જવાબદારી આપની રહેશે તેવી કિસાન કોંગ્રેસે ચિમકી ઉચ્ચારી છે.

ખંભાળિયા : રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ભાણવડની તાલુકા શાળા નંબર ૩માં પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચેન્સી તન્નાએ તાજેતરમાં કલા મહાકુંભમાં ભારત નાટ્યમની દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી, શાળા તથા જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ છે.

ખંભાળિયામાં વિનામૂલ્યે આયુર્વેદિક કેમ્પ યોજાયો : મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયામાં જલારામ મંદિર ખાતે તાજેતરમાં સરકારના આયુષ વિભાગતેમજ જાણીતી સેવા સંસ્થા લાયન્સ કલબના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે આયુર્વેદિક નિદાન, સારવાર તથા દવા વિતરણ કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. આ કેમ્પમાં જુના અને હઠીલા રોગોના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા સારવાર કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ૨૦૦ જેટલા દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ઉપસ્થિત આયુષ તથા લાયન્સ કલબના સદસ્યો, ધીરેનભાઈ બદીયાણી, લાયન્સ પ્રમુખ વિનુભાઈ બરછા (ધી વારા) તથા ઝોન ચેરમેન તથા સેક્રેટરી લાયન હાડાભા જામ, શૈલેષભાઈ કાનાણી, શ્રદ્ધાબેન કાનાણી તેમજ દેવભૂમિદ્વારકા જિલ્લા મહિલા મોરચા અને લાયન્સના ઉપપ્રમુખ નિમિષાબેન નકુમ, ઘનશ્યામસિંહ જાડેજા, દિનેશભાઈ પોપટ વિગેરેએ ઉપસ્થિત રહી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. આયુષના આયુર્વેદિક વિભાગના ડોકટરો તથા તેમના સ્ટાફની નોંધપાત્ર જહેમત આવકારદાયક બની રહી હતી.

ઓબીસી મોર્ચાના પદાધિકારીઓએ પ્રદેશ ભાજપ કાર્યાલયની મુલાકાત લીધી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

ઓબીસી મોર્ચાના રાષ્ટ્રીય કારોબારી સદસ્ય નિરૂબેન કાંબલીયાએ ઓબીસી મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજયસભાના સાંસદ કે.લક્ષ્મણજી સાથે તાજેતર પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે એક શુભેચ્છા મુલાકાત

કાર્યકર્તાઓ સાથે કરી હતી. આ તકે તેઓનું સન્માન પણ કરવામાં આવેલ હતું.

પિતૃપક્ષ સાથે જોડાયેલા સવાલોના જવાબ

પિતૃપક્ષમાં પિંડદાન, શ્રાદ્ધ, તર્પણ કરવાની પરંપરા, યમલોકમાં પિતૃઓનો વાસ

૧૦ સપ્ટેમ્બરના રોજ ભાદરવી પૂનમની તિથિથી પિતૃપક્ષ શરૂ થઈ ગયો છે. આ પક્ષ ૧૬ દિવસ સુધી ચાલશે. આ દિવસોમાં પિતૃઓને પિંડદાન, શ્રાદ્ધ, તર્પણ વગેરે કર્મ કરવામાં આવે છે. ખાસ કરીને કાગડા, ગાય અને કૂતરાને ભોજન આપવાની, ચોખાના બનેલા પિંડનું દાન કરવાની પરંપરા છે. શ્રાદ્ધ પક્ષ અંગે અનેક પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે. બિહારના ગયામાં પિંડદાન, શ્રાદ્ધ કર્મ કરવાનું વિશેષ મહત્ત્વ છે. ગયાના તીર્થ પુરોહિત પં. ગોકુલ દુબે પાસેથી જાણો પિતૃપક્ષ સાથે જોડાયેલા સવાલોના જવાબ

કાગડા, ગાય અને કૂતરાને ભોજન કેમ?

બધા જ પિતૃઓનો વાસ પિતૃલોક અને થોડા સમય માટે યમલોક પણ રહે છે. પિતૃપક્ષમાં યમબલિ અને શ્વાનબલિ આપવાનું વિધાન છે. યમબલિ કાગડાને અને શ્વાનબલિ કૂતરાને ભોજન સ્વરૂપે આપવામાં આવે છે. કાગડાને યમરાજનો સંદેશાવાહક માનવામાં આવે છે. યમરાજ પાસે બે શ્વાન એટલે કૂતરા છે. તેના જ કારણે કૂતરા અને કાગડાને ભોજન આપવામાં આવે છે. ગાયમાં બધાં દેવી-દેવતાઓનો વાસ છે. જેના કારણે ગાયને પણ ભોજન આપવામાં આવે છે.

શ્રાદ્ધમાં ખીર-પૂરી કેમ ખવડાવવામાં આવે છે?

પિતૃપક્ષમાં પકવેલું અનાજ દાન કરવાનું વિશેષ મહત્ત્વ છે. ખીરને પાયસ અન્ય માનવામાં આવે છે. પાયસને પ્રથમ ભોગ માને છે. તેમાં દૂધ અને ચોખાની શક્તિ હોય છે. ધાન એટલે ચોખા એવું અનાજ છે, જે જૂના થવાથી પણ ખરાબ થતું નથી. જેટલા જૂના હોય છે, તેટલા જ સારા માનવામાં આવે છે. ચોખાના આ ગુણના કારણે તેને જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારોમાં સામેલ કરવામાં આવે છે.

એટલે પિતૃઓને ખીરનો ભોગ ધરાવાય છે. એક કારણ લોકમાન્યતા પણ છે. ભારતીય સમાજમાં ખીર-પૂરી મોટાભાગે વિશેષ તિથિ-તહેવાર ઉપર બનતું પકવાન છે. પિતૃપક્ષ પણ પિતૃઓનો તહેવાર છે. એવું માનવામાં આવે છે કે, આ દિવસોમાં પિતૃઓ આપણા ઘરે પધારે છે. એટલે તેમના સત્કાર માટે ખીર-પૂરી બનાવવામાં આવે છે.

તેનું એક વ્યવહારિક કારણ પણ છે. પ્રાચીન સમયમાં શ્રાવણ મહિનાને ઉપવાસનો મહિનો માનવામાં આવતો હતો. અનેક લોકો એક મહિના સુધી ઉપવાસ કરતા હતા, જેથી તેમને શારીરિક નબળાઈ આવી જતી હતી. ભાદરવા મહિનામાં શ્રાદ્ધમાં ખીર-પૂરીનું ભોજન તેમને શક્તિ આપી શકે એટલે પણ આ પરંપરાની શરૂઆત થઈ ગઈ.

પિંડદાન માટે પિંડ ચોખાથી જ કેમ બનાવવામાં આવે છે?

માત્ર ચોખા નહીં, પિંડ અનેક પ્રકારે બનાવવામાં આવે છે. જવ, કાળા તલથી પણ પિંડ બનાવી શકાય છે. ચોખાના પિંડને પાયસ અન્ન માનવામાં આવે છે. આ જ પ્રથમ ભોગ હોય છે. જો ચોખા ન હોય તો જવના લોટના પિંડ બનાવી શકાય છે. જો તે પણ ન હોય તો કેળા અને કાળા તલથી પિંડ બનાવીને પિતૃઓને અર્પણ કરી શકાય છે.

ચોખાને અક્ષત કહેવામાં આવે છે એટલે જે ખંડિત ન હોય. ચોખા ક્યારેય ખરાબ થતાં નથી. તેમના ગુણ ક્યારેય સમાપ્ત થતા નથી. ચોખા ઠંડી તાસીરવાળું ભોજન છે. પિતૃઓને શાંતિ મળે અને લાંબા સમય સુધી તેઓ આ પિંડથી સંતુષ્ટિ મેળવી શકે, એટલે પિંડ ચોખાના લોટથી બનાવવામાં આવે છે.

શ્રાદ્ધ કર્મ સમયે અનામિકા આંગણીમાં કુશ કેમ પહેરવામાં આવે છે?

કુશને પવિત્ર કહેવામાં આવે છે. કુશ એક વિશેષ પ્રકારનું ઘાસ છે. માત્ર શ્રાદ્ધ કર્મમાં જ નહીં, અન્ય બધા કર્મકાંડમાં પણ કુશને અનામિકામાં ધારણ કરી શકાય છે. તેને પહેરવાથી પૂજન કર્મ માટે પવિત્ર થઈ જવાય છે. કુશમાં એક ગુણ હોય છે, જે દૂર્વામાં પણ હોય છે. આ બંને જ અમરતા આપનારી ઔષધિ છે, તે શીતળતા પ્રદાન કરે છે.

આયુર્વેદમાં તેમને એસિડિટી અને અપચામાં ઉપયોગી માનવામાં આવે છે. અનામિકા આંગણીનો સીધો સંબંધ હૃદય સાથે હોય છે. અનામિકા એટલે રિંગ ફિંગરમાં કુશ બાંધવાથી વ્યક્તિ પિતૃઓ માટે શ્રાદ્ધ કરતી સમયે શાંત અને સહજ રહી શકે છે. કેમ કે, તે વ્યક્તિના શરીરથી અલગ આપણને શીતળતા પ્રદાન કરે છે.

શ્રાદ્ધ કરવા માટે બપોરનો સમય શ્રેષ્ઠ કેમ?

માન્યતા છે કે પિતૃપક્ષમાં બપોરના સમયે કરેલું શ્રાદ્ધ પિતૃ દેવતા સૂર્યના પ્રકાશથી ગ્રહણ કરે છે. બપોરના સમયે સૂર્ય પોતાના પૂર્ણ પ્રભાવમાં રહે છે. જેના કારણે પિતૃ પોતાનો ભોગ યોગ્ય રીતે ગ્રહણ કરી શકે છે. સૂર્યને જ આ સૃષ્ટિમાં એકમાત્ર પ્રત્યેક્ષ દેવતા માનવામાં આવે છે જેને આપણે જોઈ અને અનુભવી શકીએ છીએ.

સૂર્યને અગ્નિનો સ્રોત પણ માનવામાં આવે છે. દેવતાઓને ભોજન આપવા માટે યજ્ઞ કરવામાં આવે છે. જોકે, પિતૃઓને ભોજન આપવા માટે સૂર્યનાં કિરણોને સ્રોત માનવામાં આવે છે.

શ્રાદ્ધ સૌથી મોટો કે સૌથી નાનો પુત્ર કેમ કરી શકે છે?

એવું નથી. ગયા તીર્થ ક્ષેત્રમાં આવું વિધાન નથી. કોઈપણ પુત્ર પિંડદાન, શ્રાદ્ધ કર્મ કરાવી શકે છે. અહીં પ્રચલિત પરંપરા પ્રમાણે જો કોઈ પિતાનાં બધાં સંતાનો અલગ-અલગ રહેતાં હોય તો બધાએ અલગ-અલગ પિંડદાન કર્મ કરવું જોઈએ.

કોઇના મૃત્યુ પછી ગરૂડ પુરાણ કેમ વાંચવામાં આવે છે?

ગરુડ પુરાણ ૧૮ પુરાણોમાંનું એક છે. આ ગ્રંથમાં જન્મ-મૃત્યુ સાથે જોડાયેલાં રહસ્ય ઉલ્લેખવામાં આવ્યાં છે. તેમાં કર્મના આધારે તેમના ફળની જાણકારી છે. વ્યક્તિએ જીવનમાં કેવી રીતે જીવવું જોઈએ, શું કામ કરવું જોઈએ અને કયા કામથી બચવું, જેથી મૃત્યુ બાદ આત્માને સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે. આ બધી વાતો ગરૂડ પુરાણમાં ઉલ્લેખવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

ભારત જોડો પદયાત્રાની અસર દેશમાં કેટલા પ્રમાણમાં થશે ?

દેશમાં લોકસભા ચૂંટણીઓને બે વર્ષનો સમય બાકી છે પરંતુ દેશમાં ૨૦૨૪માં આવનાર આ ચૂંટણીઓ માટેની તૈયારીઓ અત્યારથી જ જે તે રાજકીય પક્ષો કરી રહ્યા છે. લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે જેને ભાજપને સવિશેષ મહત્વ આપવા ફરજ પડી છે કારણ આપ પાર્ટી કે કોંગ્રેસને કારણે નહીં પરંતુ મોઘવારી-બેરોજગારી સહિત વિવિધ પ્રશ્ને આમ પ્રજા વિવિધ પ્રશ્ને પિડાય તેવા નિર્ણયોના કારણે પ્રજામાં કેન્દ્ર સરકાર સામે ભારે આક્રોશ પણ વ્યાપ્ત છે. જોકે, પ્રજા આક્રોશનેઠારવા અનેપોતાની તરફ લોકોને ધ્યાનઆકર્ષવાની કળા ભાજપ પાસે છે અને તે છે હિન્દુઓને મુસ્લીમોની ભરાવવાનો હાથવગો દાવ. આમ છતાં ભાજપને ગુજરાત ગુમાવવાનો ડર છે જ નહીં કારણ કેજરીવાલની આમ આદમી પાર્ટી.... આપ પાર્ટી ચાદર જેટલા પગ પહોળા કરવામાં માનતી નથી અને મમતના ઓવર ડોઝને લઈને રાજયની તમામ ૧૮૨ બેઠક ઉપર ચૂંટણી લડવાની છે અને આ બાબત જ ભાજપને ફરી એક વાર સત્તા સ્થાને પહોંચાડશે તેમ કહીયે તો અતિશયોક્તિ નથી... કારણ સમગ્ર ગુજરાતમાં આપ પાર્ટી પહોંચી શકી નથી, તેની અસર નાના-મોટા શહેરોમાં કેટલાક વિસ્તારો સુધી જ થવા પામી છે. ઉપરાંત ઉમેદવારોની પસંદગી પછી આપે પાર્ટીએ જાહેર કરેલ ઉમેદવારો અંગે ખાનગી સર્વે કરાવવાની જરૂર છે જેથી કેટલી બેઠકો લડે તો તેનો લાભ થાય અને તે બાબતમાં આપના નેતાઓએ નિર્ણય કરવો જરૂરી છે તો ખોટી રીતે સંગઠન શક્તિનો વ્યય પણ નહીં થાય અને ધાર્યા પરિણામો મેળવી શકાશે, નહીં તો આપે ધારેલું સપનું હવાઈ જવાની શક્યતા વધુ છે....! બીજી તરફ રાષ્ટ્રીય સ્તરે વિપક્ષોને એક જૂટ કરવા માટે નિતેશકુમાર તેમજ શરદ પવારે અભિયાન શરૂ કર્યુ છે. જ્યારે કોંગ્રેસ પક્ષે દિલ્હી ખાતે કેન્દ્ર સરકાર સામે મોંઘવારી-બેરોજગારી હલ્લાબોલ રેલી યોજી જેમાં જનમેદની ઉમટતા ભાજપમાં હલચલ મચી જવા પામી છે. તેમજ રાહુલ ગાંધીની ભારત જોડો પદયાત્રાએ કેન્દ્ર સરકારને ઊંઘ હરામ કરી નાખી છે.... કારણ જે રાજ્યોમાંથી આ ભારત જોડો પદયાત્રા પસાર થાય છે ત્યારે તેને આવકારવા લોકટોળા ઉમટી પડે છે જેથી તેની અસર પણ સમગ્ર દેશમાં પડી છે, લોકોમાં ઉત્સાહ વ્યાપી ગયો છે. રાહુલ ગાંધી ગુજરાત વિધાનસભા ચૂંટણીના શ્રી ગણેશ કરવા ગુજરાતમાં આવ્યા અને લોકહિતના, લોકો ઈચ્છીત અગત્યના આઠ ચૂંટણી મુદ્દાની જાહેરાત કરી જેનાથી ગુજરાત ભરમાં મોટી અસર થવા પામેલ છે, વળી ગુજરાતના મતદારોની તાસીર બે પક્ષ માટે જ રહી છે ના-છૂટકે ત્રીજો મોરચો પસંદ કરે છે. જ્યારે કે અત્યારે ત્રીજો મોરચા માટે કોંગ્રેસે જાહેર કરેલ આઠ સંકલ્પ અને ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન ઉમેદવારો જાહેર કરવાની બાબતે આમ પ્રજામાં વિશ્વાસ અને ઉત્સાહ વ્યાપ્ત થઈ ગયો તે છે.....!

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાએ દેશભરની પ્રજામાં નવી ઊર્જા પેદા કરવા સાથે વિશ્વાસ પેદા કરી દીધો છે. જોકે, ભાજપના કેટલાક નેતાઓ આ યાત્રાનાં કારણે ચોકન્ના થઈ ગયા છે અને ૨૦૧૪ના સમય દરમ્યાનના તેમના નેતાના જાહેર નિવેદનોના વિડીયો ધ્યાનમાં લીધા સિવાય રાહુલના ટીશર્ટ, વાન, આને કન્યાકુમારીથી યાત્રા શરૂ કરતાં રાહુલ ગાંધીએ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર કરી પ્રદક્ષિણા કરી જે જાણ્યા વગર મંત્રી સ્મૃતિ ઈરાનીએ રાહુલની ટીકા કરી તેવી બાબતે ટીકા કરી પરંતુ કોંગ્રેસ જવાબ આપે તે પહેલા પ્રજા સોશિયલ મીડિયા ઉપર આ નેતાઓને વળતા જવાબ આપી ટીકા કરીને આ નેતાઓની ગીલ્લીઉડાડી રહ્યા છે. જો કે, રાજકીય પંડિતોની ચર્ચા અનુસાર રાહુલ ગાંધીની ભારત જોડો પદયાત્રા બાર રાજયોમાંથી પસાર થવાની છે જેમાં દક્ષિણ ભારતના તમીલનાડુ, કેરાલા, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને તેલંગણા કે જ્યાંની લોકસભાની કુલ ૧૨૯ બેઠકો છે તેમ જ ઉત્તર ભારતના મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા અને પંજાબમાંથી પસાર થવાની છે આ રાજયની કુલ લોકસભા બેઠકો ૧૩૨ છે. મતલબ કુલ ૨૬૧ લોકસભા વિસ્તારમાંથી ભારત જોડો પદયાત્રા પસાર થવાની છે, જેમાં કર્ણાટકમાં ૨૧ દિવસ અને કેરળમાં ૧૧ દિવસ પદયાત્રા કરવાની છે. આ યાત્રામાં રાહુલ ગાંધીના લાગણી સભર સંબોધનોએ લોકોમાં લાગણી અને વિશ્વાસ જગાવ્યા છે. રાહુલના શબ્દો એ રહ્યા છે કે મારા પિતા રાજીવ ગાંધીને નફરતની રાજનીતિ અને વિભાજનને કારણે ગુમાવ્યા છે. અત્યારના સમયમાં દેશમાં નફરતની સ્થિતી બની રહી છે ત્યારે લોકોને માટે એકતા જરૂરી છે. જ્ઞાતિ-જાતિ, કોમના વાડા ભુલી તમામે એક થવાની જરૂર છે, એકતા માટે ખુદ લોકોએ બહાર આવવાની જરૂર છે, દેશની આઝાદી મેળવવા માટે જે રીતે લોકો બહાર આવ્યા હતા. તેમ દરેકે બહાર આવવું પડશે, ભારત જોડવા રાજનીતિની જરૂર નથી પરંતુ દેશમાં નફરતની સ્થિતી બની રહી છે ત્યારે દેશમાં જો નફરતની સ્થિતી બની રહેશે - અરાજકતા બની રહેશે તો પરિવારનું ગુજરાન કેવી રીતે ચાલશે....? સંતાનોના ભવિષ્યનું શું થશે...? આ વાતે પ્રજાજનોમાં બેહદ લાગણી જન્માવી છે... પરિણામે રાહુલ ગાંધીની આ ભારત જોડો પદયાત્રા જે રાજ્યોમાં ફરનાર છે કે પસાર થનાર છે તે રાજયોમાં ભાજપ માટે મોટી મુશ્કેલી સર્જી શકે છે અને ૫૦ થી ૬૦ બેઠકોને અસર કરી શકે... બાકી રાજયોમાં ભાજપ પક્ષ નબળો છે જેથી ભાજપ માટે લેવાનાં પાણી મોભે ચઢાવવા જેવી સ્થિતિ બની રહેવાની સંભાવના રાજકીય પંડિતોમાં વ્યકત થઈ રહી છે....!

૨૦ વર્ષનો વિશ્વાસ-૨૦ વર્ષનો વિકાસ 'વિશ્વાસથી વિકાસયાત્રા'ની રાજ્યવ્યાપી ઉજવણી

કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી અમિત શાહે વર્ચ્યુઅલ માધ્યમથી ૫૧૯ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમૂહૂર્તની ભેટ આપી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમની ટીમે 'ગુજરાત ફર્સ્ટ'ની નીતિને આગળ ધપાવી છે : કેન્દ્રીય ગૃહ મંત્રી

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતનો ૨૦ વર્ષનો વિકાસ અને ગુજરાતીઓનો સરકાર ઉપરનો ૨૦ વર્ષથી અવિરત વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને આભારી છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં નંખાયેલા વિકાસના મજબુત પાયાને પરિણામે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિતીમાં મહાત્મા મંદિર ગાંધીનગરમાં વિશ્વાસથી વિકાસ યાત્રાની રાજયકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરી રહ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે વર્ચ્યુઅલી કુલ રૂા.૧૧૭૯ કરોડના ખર્ચે કુલ ૫૧૯ જનહિતલક્ષી વિકાસકામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પંચાયત, સામાન્ય વહીવટ, ગ્રામ વિકાસ, બંદરો અને વાહન વ્યવહાર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, જળસંપત્તિ, શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, પાણી પુરવઠા, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ તથા માર્ગ અને મકાન વિભાગના રૂપિયા ૩૯૪ કરોડના ખર્ચે ૨૦૯ જેટલા વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ તથા રૂપિયા ૭૮૫ કરોડના ખર્ચે ૩૧૦ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પૈકી ગાંધીનગર સંસદીય વિસ્તારમાં રૂા.૩૪૬ કરોડના ખર્ચે ૧૭૦ જેટલા વિકાસકાર્યો કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત સરકારનો આભાર માન્યો હતો. અમીત શાહે ગુજરાતે છેલ્લા એક વર્ષમાં મેળવેલી સિદ્ધિઓ વિષે કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં નીતિ આયોગના હર ઘર જલ, પીએમ-જય અને ગ્રામીણ વિકાસ ઈન્ડેકસમાં ગુજરાત પ્રથમ છે. વૈશ્વિક ટકાઉ સૂચકાંકમાં સ્વાસ્થ્ય અને ઉદ્યોગમાં પ્રથમ ક્રમે, જ્યારે ઊર્જા-જળવાયુમાં વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં પ્રથમ ક્રમે રહ્યું છે. ભારતની કુલ નિકાસમાં ગુજરાત રાજ્ય ૩૦ ટકાના હિસ્સા સાથે પ્રથમ ક્રમે છે. ગુજરાતના છેલ્લા ૧૦ વર્ષમાં ૮.૨ ટકાના વિકાસ દરથી વૃદ્ધિ કરી છે. કોરોના મહામારીમાંથી વિશ્વ ઊભું પણ થયું નહોતું તેવામાં ગુજરાતની ભૂપેન્દ્ર પટેલની સરકારે છેલ્લા એક વર્ષમાં આ વૃદ્ધિ દરને જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દેશમાં છેલ્લા ૮ વર્ષોમાં ૩૧.૩ લાખ કરોડનું વિદેશી રોકાણ આવ્યું છે, જેમાંથી માત્ર ૫૭ટકાએટલેકે ૧૭.૭ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ માત્ર ગુજરાતમાંથી જ આવ્યું છે. ગુજરાતે સેમીકંડકટરના નિર્માણક્ષેત્રે અંદાજે ૧.૪૦ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે, જે ૧ લાખથી વધુ યુવાનોને રોજગારી પૂરી પાડશે. ગુજરાતમાં આજે ૯૮ ટકાથી વધારે ઘરોમાં નળથી જળ મળે છે, જે પૈકી ૧૨ જિલ્લાના ૧૨૩ તાલુકા અને ૧૪,૪૭૭ ગામોમાં સો ટકા ઘરોમાં નલ સે જલ યોજના અંતર્ગત નળથી જળ મળે છે. તેમ તેમણે ઉમેર્યુ હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતશાહે રાજ્યની સલામતી અને શાંતિ માટે ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને બિરદાવતાં કહ્યું હતું કે, ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જેણે નાર્કોટિક્સ વિરૂદ્ધનું અભિયાન વધુ તેજ કર્યું છે અને લાખો કરોડો રૂપિયાનું ડ્રગ ઝડપીને નશાનો કારોબાર અટકાવ્યો છે. સમગ્ર દેશમાં સૌથી વધુ નાર્કોટિક્સ ડ્રગ્સ પકડનારૂ રાજ્ય ગુજરાત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, ૨૦ વર્ષના સમયગાળામાં ગુજરાતનો જે વિકાસ થયો, લોકોનો ઉત્કર્ષ થયો તે બેજોડ છે. આ ૨૦ વર્ષમાં ગુજરાતે અનેક સિદ્ધિઓ મેળવી છે, અપાર ઉપલબ્ધિઓ મેળવી, અખૂટ વિકાસ કર્યો છે તો સરકારે જનતાનો અતૂટ વિશ્વાસ સંપાદિત કર્યો છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાતના આ ૨૦ વર્ષ પ્રાયોરિટી પોલિસી અને પર્ફોર્મન્સના રહ્યા છે. ગુજરાત સરકારે જન કલ્યાણ અને વિકાસના કામોને હંમેશા પ્રાથમિકતા આપી છે, ગુજરાતને એક પોલિસી ડ્રીવન સ્ટેટ બનાવ્યું છે, તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક માનાંક અને સૂચકાંકોમાં ગુજરાત પ્રથમ ક્રમે આવ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના પાછલા બે દાયકા એડવાન્સમેન્ટ, એમ્પાવરમેંટ અને ડેવલપમેન્ટને વરેલા રહ્યા છે સરકારે મહિલા, બાળકો, વિદ્યાર્થી, ખેડૂત, ગરીબ, વંચિત, આદિવાસી એવા તમામ વર્ગને વિકાસનો આધાર આપી સશક્ત બનાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના મહામારી દરમ્યાન દેશને આગવું નેતૃત્વ પુરૂ પાડી વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક રસીકરણ અભિયાન ચલાવી, ગરીબો માટે ભોજન-રાશનની વ્યવસ્થા કરી અને અર્થતંત્રને ગતિમાન પણ રાખ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરંભેલી ગુજરાતની વિકાસ યાત્રાના વાહક તરીકે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પછી તેમને સેવાદાયિત્વ મળ્યું છે ત્યારથી ગુજરાતની વિકાસ યાત્રા વધુ તેજ ગતિએ આગળ લઈ જવા તેમની ટીમ અવિરત કાર્યરત છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, કોરોના મહામારીની માઠી અસરોને પહોંચી વળીને આ વર્ષે સરકારે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું રૂા.૨.૪૪ લાખ કરોડનું બજેટ આપ્યું છે. મહિલાઓ માટેના ઉત્કર્ષ અને તે માટેની યોજનાઓ માટેની નાણાકીય જોગવાઈમાં ૪૨ ટકાનો માતબર વધારો કર્યો છે. સગર્ભા માતા અને બાળકના સ્વાસ્થ્યની ૧ હજાર દિવસ સુધી સંપૂર્ણ દરકાર કરતી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અમલી બનાવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે જનહિતલક્ષી અભિગમ અપનાવી આવકના દાખલાની સમયાવધિ ૩ વર્ષ કરવી, નિયત સેવાઓમાંથી એફિડેવિટ કરવામાંથી મુક્તિ આપવી, તેમજ દિવ્યાંગતા પ્રમાણપત્ર અને એસ.ટી. બસ પાસની સમયાવધિ આજીવન કરી આપવા જેવા પગલાં લીધા છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી, આંતરિયાળ વિસ્તારોમાં નહેરોથી સિંચાઈના પાણી, જલ જીવન મિશન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ઈલેકટ્રોનિક એફ.આઈ.આર. સુવિધા વગેરે યોજનાઓ અને વિકાસ પ્રકલ્પોની સફળતાની માહિતી આપી હતી. તેમણે વધુમાં કહ્યું કે, આદિવાસી વિસ્તારોમાં સરકાર બે વર્ષમાં ૫૦૦ જેટલા નવા મોબાઈલ ટાવર ઉભા કરવા જઈ રહી છે, આદિવાસીઓને આજીવિકા મળી રહે તે માટે વાંસ વિતરણ પણ સરકારે કર્યું છે. આ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ગણવેશ આપવામાં આવે છે તેમજ આદિવાસી વિદ્યાર્થીઓને મળતી પી.એચ.ડી. સ્કોલરશીપમાં વધારો કરી રૂા.૧ લાખ કરવામાં આવી છે. આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૨૦ વર્ષમાં રાજ્યમાં ધાન્ય પાકનું ઉત્પાદન ૨૩.૪૮ લાખ મેટ્રીક ટનથી વધી ૮૩.૨૫ લાખ મેટ્રીક ટન ઉપર પહોંચ્યું છે, બાગાયતી પાકનું ઉત્પાદન ૬૨.૦૧ લાખ મેટ્રીક ટનથી વધી ૨૫૦.૫૨ લાખ મેટ્રીક ટન ઉપર પહોંચ્યું છે, ચેકડેમની સંખ્યા ૩૫૦૦થી વધીને ૧.૬૫ લાખ ઉપર પહોંચી છે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની સંખ્યા ૨.૭૪ લાખથી વધી ૮.૬૬ લાખ થઈ છે તેમજ ઔદ્યોગિક ઉત્પાદન ૧.૨૭લાખ કરોડથી વધી ૧૬.૧૯ લાખ કરોડ ઉપર પહોંચ્યું છે. મુખ્યમંત્રીએ સત્તાનો મદ કે ગુમાન વિના જનસેવા અને સુશાસનની કાર્ય સંસ્કૃતિ રાજ્યમાં વિકસી હોવાનો મત વ્યક્ત કરી, વિશ્વાસથી વિકાસની યાત્રાને અવિરત રાખવા માટે ગુજરાતના નાગરિકોનો સાથ સહકાર અને આશીર્વાદ સરકારને સતત મળતા રહેશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે મહાનુભાવોનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસ અને વિશ્વાસ એકબીજાના પર્યાય બની ગયા છે. ૨૦ વર્ષમાં ગુજરાતે તમામ ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી વિકાસયાત્રા દેશ માટે મોડલ બની ગઈ છે. તેમજ દેશના વિકાસનું ગુજરાત ગ્રોથ એંજિન બની ગયું છે. રાજ્યમાં સર્વાંગી વિકાસની અવિરત યાત્રા ચાલું છે. ટીમ ગુજરાતની અથાગ મહેનત થકી રાજ્યને ગુડ ગવર્નન્સમાં સમગ્ર દેશમાં રાજ્યને ૨૦૨૧માં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. તેની સાથે સામાજિક ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર કાર્ય કરીને દેશમાં આરોગ્ય ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શિક્ષણ ક્ષેત્રે રાજ્યનું વિદ્યાસમીક્ષા કેન્દ્ર આજે દેશનું રોલ કેન્દ્ર બની ગયું છે. આ પ્રસંગે મહાત્મા મંદિર ખાતે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર અને બલરાજસિંહ ચૌહાણ, પ્રમુખ દિલીપભાઈ પટેલ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાશનાથન, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે. રાકેશ સહિત ઉચ્ચ સનદી અધિકારીઓ અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા.

ગુજરાતમાં સેમીકન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે રૂપિયા ૧ લાખ ૫૪ હજાર કરોડના મૂડીરોકાણ માટેના એમઓયુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રિય મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન

સેમીકન્ડકટર નિર્માણ ક્ષેત્રે દેશના કોઈ રાજ્યમાં કરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ ગુજરાતમાં થશે : વેદાંતા-ફોક્સકોન ગ્રુપના આ એમઓયુના પરિણામે રાજ્યમાં ૧ લાખ જેટલા યુવાઓને રોજગારી અવસર મળશે : ગુજરાત સરકારે તાજેતરમાં અમલી બનાવેલી સેમીકન્ડકટર પોલિસીની ફળશ્રુતિ

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના કોલને સાકાર કરતાં ગુજરાતમાં સેમીકન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ માટે રૂપિયા ૧ લાખ ૫૪ હજાર કરોડના મૂડીરોકાણ માટેના એમ.ઓ.યુ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રિય સાયન્સ ટેક્નોલોજી મંત્રી અશ્વિનીવૈષ્ણવની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. ભારતના કોઈ એક રાજ્યમાં કરવામાં આવેલું અત્યાર સુધીનું આ સૌથી મોટું મૂડીરોકાણ આ એમ.ઓ.યુ. અંતર્ગત ફોક્સકોન અને વેદાંતા ગ્રુપ દ્વારા ગુજરાતમાં કરવામાં આવશે. ગુજરાત સરકારે તાજેતરમાં ઘડેલી સેમીકન્ડકટર પોલિસીને પરિણામે સેમીકન્ડકટર અને ડિસ્પ્લે નિર્માણ ક્ષેત્રની અગ્રણી કંપનીઓ ગુજરાત તરફ આકર્ષાઈ છે. આ એમ.ઓ.યુ.થીઆગામી દિવસોમાં રાજયના ૧ લાખ જેટલા યુવાઓને રોજગારી મળવાની દિશા ખૂલી છે. ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટ બન્યું છે, તેને વધુ ગતિ આપતી ડેડિકેટેડ સેમીકન્ડકટર પોલિસી સાથે 'સ્ટેટ ઈલેકટ્રોનિક્સ મિશન' પણ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાર્યરત કરાયું છે. આ મિશન પણ પ્રોજેક્ટની સફળતા માટે સહાયતા પૂરી પાડશે. મુખ્યમંત્રીએ આ અવસરે કહ્યું કે, ગુજરાત દેશમાં વિકાસનું રોલ મોડલ છે તથા દેશ-વિદેશના રોકાણકારો માટે પસંદગીનું શ્રેષ્ઠ સ્થળ બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેકટને રાજ્ય સરકારના સહયોગની ખાતરી આપી હતી. કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તેમની સરકારના સફળતાના એક વર્ષ નિમિત્તે અભિનંદન આપતા કહ્યુંહતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ વર્ષ પહેલા ડિજિટલ ઈન્ડિયા અભિયાન લોન્ચ કરીને ટેકનોલોજી ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાનો નવો રાહ ચીંધ્યો હતો. ભારતમાં સ્ટાર્ટઅપ, મેક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા થકી ભારત આજે વિશ્વમાં બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બન્યો છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં તૈયાર થયેલી ટેકનોલોજી ક્ષેત્રે ઈકો સિસ્ટમના પરિણામે દેશમાં અંદાજે ૨૫ લાખ રોજગારી ઊભી થઈ છે. આગામી સમયમાં ઈલેકટ્રોનિક ઉત્પાદનમાં ૧ કરોડ રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ ક્ષેત્રે ભારતમાં હાલની ૮૦ બિલિયન ડોલરની ઈકોનોમી ૩૦૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંકલ્પ કરાયો છે. તેમાં આજે ગુજરાતમાં સેમિકન્ડકટર ચિપ્સ ઉત્પાદન ક્ષેત્રે થયેલાં એમઓયુ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવશે તેમ તેમણે ઉમેર્યું હતું. અશ્વિની વૈષણવે કહ્યું હતું કે, કોઈપણ ઈલેકટ્રીક સાધન જેવી કે મોબાઈલ, ટીવી, લેપટોપ, કાર વગેરેમાં 'સેમિ કન્ડકટર' મગજની ભૂમિકા ભજવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડિસેમ્બર-૨૦૨૧માં સેમિ કન્ડકટર નીતિને મંજૂરી અપાઈ છે. આ નીતિનું જાન્યુઆરી-૨૦૨૨માં ખૂબ જ ટૂંકા સમયમાં અમલીકરણ કરીને ભારતે વિશ્વમાં નવી મિશાલ રજૂ કરી છે. ગુજરાત સરકાર અને વેદાંતા-ફોક્સકોન ગ્રુપ વચ્ચે સેમિ કન્ડકટરના ઉત્પાદન માટે થયેલા એમઓયુના પરિણામે નવી ૧ લાખ રોજગારી ઉપલબ્ધ થશે. આ તો એકમાત્ર શરૂઆત છે આગામી સમયમાં વધુ ૧૦ કંપનીઓ રોકાણ માટે આવશે. જેનાથી લાખો યુવાનોને રોજગારી ઉપલબ્ધ થશે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં આગામી સમયમાં વધુ હજારોની સંખ્યામાં વિવિધ યુનિવર્સિટીના માધ્યમથી સેમિ કન્ડકટર પ્રોફેશનલ્સ તૈયાર કરવામાં આવનાર છે. મંત્રી વૈષ્ણવે આ ઐતિહાસિક રોકાણ માટે મુખ્યમંત્રી, વેદાંતા અને ફોક્સકોન ગ્રુપને અભિનંદન આપ્યા હતા. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સેમિ કન્ડકટર નિર્માણ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં નક્કર આયોજનો સાથે આ ક્ષેત્રમાં ડેડીકેટેડ પોલીસી તૈયાર કરવામાં આવી છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આ વિઝનને સફળ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરી ગુજરાતે બાજી મારી છે. મંત્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું કે, ડિજિટલ ક્રાંતિ માટે અતિ મહત્વના ગણાતા ઈલેકટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે સૌથી અગત્યનું રો-મટીરીયલ સેમિ કન્ડકટર છે. ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદનો શરૂ થાય અને માત્ર દેશને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને સેમિ કન્ડકટર પૂરા પાડી શકાય તે ઉદ્દેશ સાથે રાજ્યમાં અમલી બનાવાયેલી સેમિ કન્ડકટર પોલિસી આ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આજે વેદાંતા-ફોક્સકોન ગ્રુપ સાથે ગુજરાત સરકારે એમઓયુ કર્યા છે જેનાથી રૂા.૧.૫૪ લાખ કરોડનું રોકાણ ગુજરાતમાં થશે અને તેના થકી એક લાખથી વધુ રોજગારીનું સર્જન થશે. સેમિ કન્ડકટર ક્ષેત્રમાં સૌથી મોટા રોકાણ સાથે આજનો દિવસ માત્ર ગુજરાત માટે જ નહિ, સમગ્ર દેશ માટે ઐતિહાસિક દિવસ છે. મુખ્ય સચિવ પંકજકુમારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને વેદાંતા-ફોક્સકોન ગ્રુપ વચ્ચે સેમિકંડકટર ઉત્પાદન ક્ષેત્રે થયેલાં એમઓયએ ગુજરાત માટે ઐતિહાસિક દિવસ છે. મુખ્યમંત્રીના નેતૃત્વવાળી સરકારે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે તે બદલ અભિનંદન આપતાં તેમણે કહ્યું હતું કે, આ થયેલાં એમઓયુ થકી ગુજરાતમાં અનેકવિધ ક્ષેત્રે નવી રોજગારીનું સર્જન થશે. વેદાંતા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલે સેમિકન્ડકટરની અગત્યતા વિષે માહિતી આપતાં કહ્યું હતું કે, ટેકનોલોજીના યુગમાં સેમિકન્ડકટર ચીપ્સ એ વિશ્વની સૌથી મોંઘી અને અત્યંત જરૂરી પાર્ટસમાંની એક છે. આ માટે છેલ્લાં ઘણા વર્ષોથી અમેરિકા, ચીન અને તાઈવાન વચ્ચે સ્પર્ધાયોજાઈ છે પરંતુ તાઈવાન ક્ષેત્રે મોનોપોલી ધરાવે છે. તાઈવાનના ફોક્સકોન ગ્રુપે ગુજરાત સરકાર સાથે આજે સેમિ કન્ડકટર બનાવવા એમઓયુ કર્યા છે. જેનો માત્ર ગુજરાતને જ નહીં પરંતુ સમગ્ર દેશને ટેકનોલોજીક્ષેત્રે લાભ મળશે. આ એમઓયુ પ્રસંગે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, તાઈવાન સ્થિત ફોક્સકોન ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ બ્રાયન હોપ, વેદાંતા ગ્રુપના આકાશ હેબર સહિત સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ જીઆઈએલના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈચ્છા બધા જ દુઃખોનું મૂળ છે.

-બુદ્ધ ભગવાન

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.ફરવરદીન-૧૩૯૨, મુ. સફર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, ભાદરવા વદ-૪ પાંચમનું શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૨, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૭, અશ્વિની નક્ષત્ર, વ્યાઘાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૫ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. દિવસ દરમ્યાન આળસ અનુભવાય.
વૃષભ: નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
મિથુન: પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.
કર્ક : આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે.
સિંહ: કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.
કન્યા: મિલ્કતાનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.
તુલા : ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.
વૃશ્ચિક : અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
ધન : પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી.
મકર : નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું. ગૃહવિવાદ.
કુંભ : નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મીન : મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.

તમારા પૈસા ઓનલાઈન ચોરી કરી લેતા ૪ 'ખતરનાક' WhatsApp સંદેશાઓ અને SMS

નવી દિલ્હી તા.૧૪

દેશમાં UPIની શરૂઆત થતાં પૈસા મોકલવા અને મેળવવાનું પહેલા કરતા વધુ સરળ બની ગયું છે. સમગ્ર દેશમાં લોકો UPIનો ઉપયોગ કરીને નાણાં UPI મોકલે છે અને મેળવે છે, અને UPI ઉપર થતા વ્યવહારોની સંખ્યાને જોતાં આ પદ્ધતિ સ્કેમર્સ અને છેતરપિંડી કરનારાઓને લોકોને છેતરવાની અનંત તકો આપે છે. ઈન્સ્ટન્ટ મેસેજિંગ એ કોમ્યુનિકેશન માટેનું એક ધોરણ છે, છેતરપિંડી કરનારાઓ લોકોને મેસેજ કરવા અને તેમને પૈસા ખર્ચવા માટે લલચાવવા માટે WhatsApp અને SMSનો ઘણો ઉપયોગ કરે છે. તાજેતરમાં, અમે સ્કેમર્સ લોકોને તેમની છેતરપિંડીની યોજનાઓમાં લલચાવવા માટે WhatsApp ઉપર ટેક્સ્ટ મોકલવાના ઘણા ઉદાહરણો જોયા છે. નોકરીની તકો, વીજળીના બિલ અને અન્ય સંદેશાઓ વધુ સામાન્ય છે. અહીં એવા ખતરનાક સંદેશાઓની સૂચિ છે જેમાં તમારા પૈસા ઓનલાઈન ચોરાઈ શકે છે:

૧. જોબ સિલેક્શન મેસેજીસ :

વોટ્સએપ ઉપર અથવા તો SMS દ્વારા લક્ષિત ટેક્સ્ટ સંદેશાઓ મોકલીને લોકોને લલચાવવાનું ચલણ વધી રહ્યું છે. ઘણી વખત નોંધણી ફીનો સમાવેશ થાય છે. અને વધુ લોકોને લાવવા અથવા જોડવા માટે કહેવામાં આવે છે તે ફક્ત તમારો ડેટા ચોરી કરવાની યોજના હોઈ શકે છે. ચેટ-આધારિત હાયરિંગ પ્લેટફોર્મના એક અહેવાલમાં તાજેતરમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં લગભગ ૫૬% નોકરી શોધનારાઓ તેમની નોકરીની શોધ દરમ્યાન નોકરીના આ કૌભાંડોથી પ્રભાવિત થાય છે. ૨૦થી ૨૯ વર્ષની વચ્ચેના નોકરી શોધનારાઓ સ્કેમર્સનું મુખ્ય લક્ષ્ય હોય છે.

૨. રોકડ પુરસ્કારનું વચન આપતા સંદેશાઓ/ લકી ડ્રો વિજેતા સંદેશાઓ :

છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી આ જૂની યુક્તિ છે, જે વપરાશકર્તાઓને વારંવાર WhatsApp ઉપર, SMS દ્વારા અથવા તો તેમના ઈમેલ ઉપર રોકડ ઈનામનું વચન આપતા સંદેશાઓ આપે છે. આ પ્રકારના કપટપૂર્ણ સંદેશાઓની વિવિધ ભિન્નતાઓ છે, જેમ કે "KBC Jio" લકી ડ્રોના ભાગ રૂપે રોકડ ઈનામ દર્શાવવું, અથવા ફક્ત લોકોને જંગી રોકડ ઈનામ આપવાનું વચન આપવું, તેમને કપટપૂર્ણ લિંક્સ ઉપર ક્લિક કરવાનું કહેવું વગેરે. વારંવાર "અભિનંદન ! તમે ૫૦,૦૦૦ રૂપિયા જીત્યા છે! તમારા પુરસ્કારનો દાવો કરવા માટે આલિંક ઉપર ક્લિક કરો!" જેવા સંદેશાઓ આવે છે. આ સ્કેમર્સ વપરાશકર્તાઓને એક સંદેશ મોકલશે કે તેઓ KBC Jio રોકડ ઇનામ તરીકે ૨૫,૦૦૦ રૂપિયા જીત્યા છે. સંદેશની સાથે પોસ્ટર અથવા પ્રક્રિયા સમજાવતો વીડિયો હોય છે. જો તેઓ તેની સાથે આગળ વધે છે, તો પૈસા મેળવવા માટે વપરાશકર્તાઓને તેમની અંગત વિગતો WhatsApp ઉપર શેર કરવાનું કહેવામાં આવે છે. KBC Jio સંદેશની સાથે એક પોસ્ટર પણ હોય છે જેમાં KBC લોગો, Sony LIV લોગોનો ઉપયોગ કરવામાં આવે છે, અને અમુક અંશે કાયદેસરતા ઉમેરવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર પણ મૂકવામાં આવે છે. મેસેજમાં એવો પણ દાવો કરવામાં આવે છે કે લોકોએ આ ઈનામોથી લાખો રૂપિયા જીત્યા છે. આ સંદેશાઓ દેખીતી રીતે કપટપૂર્ણ હોય છે અને જ્યારે કોઈ વપરાશકર્તા રકમનો દાવો કરવા માટે આપેલા નંબર ઉપર સંપર્ક કરે છે, ત્યારે છેતરપિંડી કરનારાઓ તેને કહે છે કે તેમને પહેલા લોટરીની પ્રક્રિયા તેમજ GST વગેરે માટે ચોક્કસ રિફંડપાત્ર રકમ ચૂકવવાની જરૂર છે. એકવાર પીડિત તે પૈસા જમા કરાવે તો તેઓ એક યા બીજા બહાને વધુ નાણાંની માંગ કરવા લાગે છે.

૩. મિત્રો WHATSAPP માટે OTP માંગે છે :

આ વોટ્સએપ કૌભાંડ ગયા વર્ષે ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. આમાં તમારો સંપર્ક WhatsApp થી છ અંકનો કોડ માંગતો હોય છે. અહીં, સ્કેમર્સ તમારા સંપર્કોમાંના એક તરીકે પોતાને રજૂ કરે છે અને તમને એક કોડ મોકલવાનું કહે છે જે તમને SMS દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. આને આગળ મોકલવાથી તમે તમારા WhatsAppમાંથી લૉક આઉટ થઈ જશો કારણ કે આ કોડ WhatsAppનો કન્ફર્મેશન કોડ છે જે તે ઉપર આવી જશે. ત્યાંથી, તેઓ વપરાશકર્તાઓને મોકલે છે જો તમારા વ્હોટ્સ એપ તરીકે તેઓ કોઈ અલગ ઉપકરણથી સાઈન ઈન કરવાનો પ્રયાસ કરે છે. પછી એક સંદેશ આવે છે કે, "અરે, માફ કરશો, મેં તમને ભૂલથી SMS દ્વારા ૬-અંકનો કોડ મોકલ્યો છે, શું તમે તેને મને ફોરવર્ડ કરી શકશો ? આ સંદેશ સામાન્ય લાગે છે. આ સંદેશ કોઈ જાણીતા સંપર્કમાંથી આવતો હોવાથી, લોકો સામાન્ય રીતે વધુ વિચાર્યા વિના કોડ મોકલી આપે છે. હવે, એકવાર તમે આ કોડ મોકલી દો, પછી સ્કેમર્સ તમારા WhatsApp એકાઉન્ટમાં બીજા ઉપકરણ તમારા કોઈપણ સંપર્કોને મેસેજ કરી શકે છે અને પૈસા માંગી શકે છે. ગયા વર્ષના અહેવાલો અનુસાર, સ્કેમર્સ મોટાભાગે લોકોના સંપર્કોને ટેક્સ્ટ કરીને પૈસા ઉધાર લેવાનું કહેતા હતા.

૪. તમને વિદ્યુત બિલ ક્લિયર કરવા કહેતો સંદેશ :

તાજેતરમાં, લોકોને તેમના વોટ્સએપ ઉપર સંદેશા મળી રહ્યા છે જે તેમને તેમના વીજળીના બિલ ચૂકવવાનું યાદ અપાવે છે. વપરાશકર્તાના અહેવાલો અનુસાર, આ સંદેશ લોકોને વાસ્તવિક માની લેવા અને ચુકવણી કરવા માટે અને મૂર્ખ બનાવવા માટે પૂરતો છે. અહીં, વપરાશકર્તાઓ તેમના વોટ્સએપ ઉપર અથવા એસએમએસ દ્વારા એક સંદેશ મેળવે છે જેમાં વીજળીનું બિલ ચૂકવવાનું રિમાઈન્ડર હોય છે, અને તે સ્કેમરનો નંબર હોય છે. હવે, જો કોઈ વ્યક્તિ મેસેજથી નંબર ઉપર કોલ પણ કરે છે, તો સ્કેમર્સ તે વ્યક્તિને પૈસા ચૂકવવા માટે સમજાવશે. આવા સંદેશમાં સામાન્ય રીતે લખેલું આવે છે કે, પ્રિય ઉપભોક્તા તમારો વીજ પાવર આજે રાત્રે ૯.૩૦ કલાકે વિદ્યુત કચેરીમાંથી ડિસ્કનેક્ટ થઈ જશે કારણ કે તમારૂ પાછલા મહિનાનું બિલ અપડેટ થયું નથી. કૃપા કરીને તરત જ અમારા વીજળી અધિકારી ૮૨૬૦૩૦૩૯૪૨નો સંપર્ક કરો આભાર,". આ સંદેશ અધિકૃત સ્ત્રોતમાંથી આવતો નથી, ઘણા લોકો તે વિશે જાણતા નથી અને તે નંબર ઉપર કૉલ કરે છે. બિલની ચૂકવણી માટેના રીમાઈન્ડર તરીકે કોઈ વીજળી બોર્ડ તમને આવા ટેક્સ્ટ્સ સંદેશા મોકલશે નહીં. ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ અને ઓડિશા સહિતના શહેરોમાંથી સ્કેમર્સે વીજળી કૌભાંડના સૌથી વધુ કેસ નોંધ્યા છે.

ભારત અને ઈરાન ચાબહાર પોર્ટ અંગે લાંબા ગાળાની સમજૂતીને ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ આપી શકે છે

તહેરાન તા.૧૪

ભારત અને ઈરાન વ્યૂહાત્મક ચાબહાર બંદર ઉપર કામગીરી માટે લાંબા ગાળાના કરાર કરવાની નજીક આવી ગયા છે, આ મુદ્દો માત્ર આર્બિટ્રેશન સંબંધિત કલમ પરના મતભેદોને કારણે સ્થગિત રાખવામાં આવ્યો છે. લાંબા ગાળાના કરાર, જે ૧૦ વર્ષના સમયગાળા માટે માન્ય છે અને તે આપમેળે લંબાવવામાં આવી શકે છે, તે પ્રારંભિક કરારનું સ્થાન લેશે જેમાં ચાબહાર બંદરના શાહિદ બેહેશ્તી ટર્મિનલ ઉપર ભારતની કામગીરી આવરી લેવામાં આવી હતી અને તેનું વાર્ષિક ધોરણે નવીકરણ કરવામાં આવે છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ચીન ઈરાનમાં બંદરો અને અન્ય દરિયાકાંઠાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણમાં વધુ રૂચિ બતાવી રહ્યું છે અને ઈરાની પક્ષ ભારત સરકાર દ્વારા સંચાલિત શાહિદ બેહેશ્તી ટર્મિનલના પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) વિકાસને આગળ વધારવા માટે નવી દિલ્હી ઉપર દબાણ કરી રહ્યું છે. શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલની ગયા મહિને ઈરાનની મુલાકાત દરમ્યાન ઈરાનના શહેરી વિકાસ મંત્રી રોસ્તમ ઘાસેમી સાથેની તેમની બેઠક દરમ્યાન લાંબા ગાળાના કરારની ચર્ચા થઈ હતી. લાંબા ગાળાના કરારને જાળવી રાખવાનો મુદ્દો મુખ્ય નથી અને કોઈપણ આવી બાબતો ઉપર મતભેદો આર્બિટ્રેશન માટેના અધિકારક્ષેત્ર સાથે સંબંધિત છે. ઈરાનના બંધારણ હેઠળ, આવી આર્બિટ્રેશનને વિદેશી અદાલતોમાં સંદર્ભિત કરી શકાતી નથી, અને કરાર હેઠળની દરખાસ્ત માટે બંધારણીય સુધારાની જરૂર પડશે, જે મુખ્ય મુશ્કેલી છે. બંને પક્ષો, આ બાબતના ઝડપી નિરાકરણ માટે આશાવાદી છે કારણ કે કાયદાકીય અને તકનીકી નિષ્ણાંતો તેના ઉપર કામ કરી રહ્યા છે. ઈરાની પક્ષ ૭૦૦ કિલોમીટર લાંબી ચાબહાર-ઝાહેદાન રેલ્વે લાઈનને પૂર્ણ કરવા સહિત ચાબહાર બંદર ઉપર તેની કામગીરીના વિકાસને ઝડપી બનાવવા ભારત ઉપર દબાણ કરી રહ્યું છે. આ નિર્ણાયક રેલ લિંકનો **200km** કરતાં ઓછો પત્તો પૂરો થવાનો બાકી છે અને યુએસ દ્વારા મંજૂર કરાયેલ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સાથેની લિંક્સ ધરાવતી કન્સ્ટ્રક્શન કંપની સાથે વ્યવહાર કરવામાં ખચકાટ અનુભવતા તેહરાને સૂચન કર્યું છે કે ભારતીય પક્ષ દ્વારા કેટલાક સાથે કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવી શકે છે. આઈપીજીએલએ ૨૦૧૮ના અંતમાં શાહિદ બેહેશ્તી ટર્મિનલ પર કામગીરી શરૂ કરી ત્યારથી, તેણે ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, બ્રાઝિલ, જર્મની, રશિયા અને યુએઈમાંથી ટ્રાન્સ-શિપમેન્ટ સહિત ૪.૮ મિલિયન ટનથી વધુ બલ્ક કાર્ગોનું સંચાલન કર્યું છે અને નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જો પોર્ટ રેલ નેટવર્ક સાથે જોડાયેલ હોય તો આ આંકડો વધુ નોંધપાત્ર હોઈ શકે છે. ભારતે મે ૨૦૧૬ માં ઈરાન અને અફઘાનિસ્તાન સાથે હસ્તાક્ષર કરીને ચાબહાર ઉપર ત્રિપક્ષીય કરાર હેઠળ શાહિદ બેહેશ્તી ટર્મિનલનો વિકાસ કર્યો હતો. ભારતે વચન આપ્યું હતું કે તે ટર્મિનલમાં **$85** મિલિયનનું રોકાણ કરશે અને અત્યાર સુધીમાં લગભગ **$24** મિલિયનની કિંમતની ક્રેન્સ અને અન્ય સાધનો સપ્લાય કર્યા છે. જહાજોથી જમીન ઉપર કાર્ગોને સ્થાનાંતરિત કરવા માટે ભારે ગેન્ટ્રી ક્રેન્સ જેવા વધુ સાધનોના સપ્લાયને વધુ ઝડપી બનાવવાની જરૂર છે. સોનોવાલની મુલાકાત દરમ્યાન બંને દેશોએ બંદરની સરળ કામગીરી માટે સંયુક્ત તકનીકી સમિતિની રચના કરવાનું નક્કી કર્યું છે. સોનોવાલે કહ્યું હતું કે, ૨૦૧૬માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઈરાન મુલાકાત દરમ્યાનના વિઝનને સાકાર કરવા માટે ભારત ચાબહાર બંદરને વિકસાવવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. ભારત પોર્ટના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ઓક્ટોબરમાં મધ્ય એશિયાના રાજ્યો સાથે ચાબહાર ઉપર સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકનું આયોજન કરશે. આ પોર્ટને ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) સાથે સાંકળવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

રાજ્યની ધોરણ ૯થી ૧૨ની સ્કૂલોએ અઠવાડિયામાં ૨૭ કલાક શિક્ષણ આપવું પડશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એટલે કે ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોએ અઠવાડીયામાં ફરજિયાત ૨૭ કલાકનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવું પડશે. સ્કૂલોમાં સમય દરમ્યાન રિસેસના સમયને બાદ કરતા સમાહના ૨૭ કલાકનું શિક્ષણ કાર્ય કરાવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર કરાયો છે. અગાઉ માધ્યમિક સ્કૂલો માત્ર બપોર પાળીમાં જ ચલાવવા માટે બોર્ડે આદેશ કર્યો હતો. પરંતુ હવે આ સ્કૂલો પોતાની રીતે શાળાનો સમય નક્કી કરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી શકશે. પરંતુ તેમાં અભ્યાસના કલાકો ઘટે નહીં તે જોવાની સંચાલક મંડળની જવાબદારી રહેશે પ્રાપ્તમાહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓમાં અભ્યાસના કલાકોને લઈને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, રજિસ્ટર થયેલી શાળા સામાન્ય રીતે છ કલાક ચાલશે અને લાંબી અને ટૂંકી રિસેસની યોગ્ય જોગવાઈ કરીને અઠવાડીયામાં પાંચ દિવસ સુધી દરરોજ આશરે પાંચ કલાક શિક્ષણ આપશે. જ્યારે અઠવાડીયામાં એક દિવસ આવી શાળા રિસેસની યોગ્ય જોગવાઈ કરીને બેથી ત્રણ કલાક ચાલશે. પણ તે એવી રીતે કે અઠવાડીયામાં બધુ મળીને ૨૭ કલાક સુધી શિક્ષણ આપવામાં આવશે. આમ, રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ સપ્તાહમાં રિસેસને બાદ કરતા ૨૭ કલાકનું શિક્ષણ ફરજિયાત આપવાનું રહેશે. બોર્ડ દ્વારા કરવામાં આવેલા પરિપત્ર અનુસાર પાંચ દિવસ સુધી રોજના પાંચ કલાક મુજબ ૨૫ કલાકનું શિક્ષણ અને એક દિવસ ૨થી ૩ કલાકના શિક્ષણને મળીને સપ્તાહનું ૨૭થી ૨૮ કલાકનું શિક્ષણ પુર્ણ થાય છે. જો કે, હવે સ્કૂલ સંચાલકોએ અભ્યાસના કલાકો પોતાની રીતે ગોઠવવાના રહેશે. અભ્યાસના કલાકો અને શાળાના સમયને લઈને આચાર્ય સંઘ દ્વારા શિક્ષણ બોર્ડને રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે બોર્ડ દ્વારા પરિપત્ર કર્યો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૦૦માં એક પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યની માધ્યમિક શાળાઓને સવાર પાળીમાં ન ચલાવવા માટે આદેશ કરાયો હતો. રાજ્યની પ્રાથમિક સ્કૂલો સવાર પાળીમાં ચાલતી હોવાના લીધે માધ્યમિક સ્કૂલો બપોર પાળીમાં ચલાવવા માટે આદેશ કરાયો હતો. જો કે, ત્યારબાદ બોર્ડ દ્વારા નિયમમાં ફેરફાર કર્યો હતો અને માધ્યમિક સ્કૂલો પણ સવાર પાળીમાં ચાલે તે માટેની છુટ આપી હતી. આ છુટ બાદ ઘણી સ્કૂલો સવાર પાળીમાં શરૂ થઈ હતી. જો કે, અભ્યાસના કલાકોને લઈને સ્કૂલો પોતાની મનમાની કરતી હોઈ બોર્ડ દ્વારા પરિપત્ર કરી અભ્યાસના કલાકો અંગે સ્પષ્ટતા કરી છે.

સંશોધન મુજબ કિશોરોમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામનું વ્યસન આર્થિક અસમાનતા સાથે જોડાયેલું છે

મુંબઈ તા.૧૪

એક નવા અધ્યયન મુજબ, કિશોરો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયાના વ્યસન અંગે તેમની અસરોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પીઅર-સમીક્ષા કરેલ જર્નલ ઈન્ફોર્મેશન, કોમ્યુનિકેશન અને સોસાયટીએ અભ્યાસના તારણો પ્રકાશિત કર્યા છે. આ અભ્યાસના પરિણામો આર્થિક અસમાનતા અને સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ અને ઈન્સ્ટન્ટ મેસેજિંગ સેવાઓના અસંતોષકારક ઉપયોગ વચ્ચેના જોડાણને દર્શાવે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓ વચ્ચે નાણાંકીય અને સામાજિક વિભાજન હોય ત્યાં આ પરિસ્થિતિ વધુ વણસી શકે છે. લેખકોના જણાવ્યા મુજબ, આ તારણો ૪૦ દેશોમાં ૧,૭૯,૦૦૦થી વધુ બાળકોના ડેટા ઉપર આધારિત હતા, જે નવી સોશિયલ મીડિયા ઉપયોગ નીતિઓની જરૂરિયાત સૂચવે છે. લેખકો દલીલ કરે છે કે સરકારની ક્રિયાઓ યુવાનોના નિષ્ક્રિય અથવા અસામાન્ય વર્તનને મર્યાદિત કરવામાં મદદ કરી શકે છે. આ અનિચ્છનીય વર્તણૂકોમાં સ્ક્રીનનો સમય ઘટાડવામાં અસમર્થતા અથવા મિત્રો અને કુટુંબીજનો સાથે સોશિયલ મીડિયાના ઉપયોગ વિષે જૂઠું બોલવાનો સમાવેશ થાય છે. અભ્યાસના પ્રાથમિક લેખક મિશેલાલેન્ઝી, ઈટાલીની પદુઆ યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાનના સહયોગી પ્રોફેસરના જણાવ્યા અનુસાર, અસમાનતા વ્યક્તિગત, શાળા અને રાષ્ટ્રીય સ્તરે કિશોરોના સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર નકારાત્મક અસર કરી શકે છે. નીતિ નિર્માતાઓએ અસમાનતાઓને ઘટાડવા અને કિશોરોના સોશિયલ મીડિયા વપરાશ વર્તણૂકોને પ્રતિબંધિત કરવા માટે પહેલ કરવી જોઈએ. યુવાનો દ્વારા સોશિયલ મીડિયાનો વધુ ઉપયોગ કરવામાં આવે છે, અને સુખાકારી માટેના જોખમો અને ફાયદા બંનેનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો છે. વર્તણૂકીય વ્યસન તરીકે, સમસ્યારૂપ સામાજિક મીડિયા ઉપયોગ વ્યવસાયિક રીતે માન્ય નથી. પરંતુ તે યુવાન લોકોના સ્વાસ્થની સમસ્યા તરીકે માનવામાં આવે છે. આ અભ્યાસનો હેતુ કિશોરવયના PSMU અને સામાજિક આર્થિક અસમાનતાઓ વચ્ચેના સંબંધોને જોવાનો હતો જેને વ્યક્તિગત, શાળા અને રાષ્ટ્રીય સ્તરે માપી શકાય છે. લેખકોએ એ પણ તપાસ્યું છે કે કેવી રીતે પારિવારિક સમર્થન મધ્યસ્થી તરીકે આ સહસંબંધોને અસર કરે છે. આ અભ્યાસના પરિણામો ૪૦ વિવિધ રાષ્ટ્રોના ૧,૭૯,૦૪૯ બાળકો પર આધારિત છે, જેમાં મોટાભાગના યુરોપ અને કેનેડાનો સમાવેશ થાય છે, જેમની ઉંમર ૧૧, ૧૩ અને ૧૫ વર્ષ છે. આંતરરાષ્ટ્રીય વિશ્વ આરોગ્ય સંસ્થાના સહકારી સંશોધન આરોગ્ય વર્તણૂક શાળા વયના બાળકોમાંથી પણ તેના પુરાવા મળ્યા છે, જે દર ચાર વર્ષે હાથ ધરવામાં આવે છે. સોશિયલ મીડિયા સાથે જોડાયેલા વ્યસન વર્તણૂકોને શોધવા માટે, સંશોધકોએ બાળકોને પ્રશ્નાવલિ પૂર્ણ કરવા માટે આપી હતી. વર્ગખંડમાં નિહાળવામાં આવતા શિક્ષક અથવા પાત્ર ઈન્ટરવ્યુઅરની હાજરીમાં ફોર્મ અનામી રીતે પૂર્ણ કરવામાં આવ્યા હતા. અસ્વસ્થ સંવેદનાઓથી બચવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો, તેનો ઓછો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો, પરંતુ તેમાં નિષ્ફળ થવું અને તેનો ઉપયોગ ન કરતી વખતે ભયાનક લાગણીનો સમાવેશ થાય છે. તેઓએ ઈન્ટરનેટનો ઉપયોગ કરતા દરેક રાષ્ટ્રની વસ્તીની ટકાવારી પણ ધ્યાનમાં લીધી હતી. આ પરિણામો દર્શાવે છે કે કિશોરો જેઓ તેમના સહપાઠીઓ કરતાં નોંધપાત્ર રીતે વધુ આર્થિક અસમાનતા ધરાવતી શાળાઓમાં હાજરી આપતા હતા તેઓમાં PSMUનું પ્રમાણ હોવાની શક્યતા વધુ હતી. આર્થિક મુશ્કેલી અને PSMU વચ્ચેનો સંબંધ વિવિધ પરિબળોને કારણે હોઈ શકે છે. લેખકો દ્વારા રજૂ કરાયેલા એક વિચાર મુજબ, વધુ ગરીબ કિશોરો ફોટોગ્રાફ્સ અને વીડિયો શેર કરે તેવી શક્યતા વધુ હોય છે કારણ કે તેઓ તેમને સ્થિતિ અને શક્તિ સાથે સરખાવે છે. તેઓએ પ્રસ્તાવ મૂક્યો છે કે શાળાઓમાં નિવારક કાર્યક્રમો સહપાઠીઓ વચ્ચેના 'ઉદ્દેશ્ય અને કથિત' સામાજિક વર્ગની અસમાનતાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. સાપેક્ષ વંચિતતા અને PSMU વચ્ચેની કડીમાં એક રક્ષણાત્મક પરિબળ હોવાનું પણ આ લેખકોએ શોધ્યું હતું જે એક અન્ય મહત્વપૂર્ણ ઘટક છે.

કોરોના પ્રત્યે બેદરકારી ભારે પડી શકે છે : WHOએ ચેતવણી આપી

નવી દિલ્હી, તા.૧૪

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) એ ચેતવણી આપી છે કે વૈશ્વિક સ્તરે દર ૪૪ સેકંડમાં કોવિડ-૧૯ થી હજી પણ એક વ્યક્તિનું મોત થઈ રહ્યું છે. ડબ્લ્યુએચઓના નિર્દેશક ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે કહ્યું કે આ વાયરસ આ રીતે સમાપ્ત નહીં થાય. નોંધાયેલા કેસો અને મૃત્યુમાં વૈશ્વિક ઘટાડો ચાલુ છે. તે ખૂબ જ પ્રોત્સાહક છે પરંતુ આ વલણો ચાલુ રહેશે તેની કોઈ ખાતરી નથી. ગેબ્રેયેસસે તેની નિયમિત બ્રીફિંગ દરમ્યાન જણાવ્યું હતું કે, "ફેબ્રુઆરીથી સાપ્તાહિક નોંધાયેલા મૃત્યુંની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે, પરંતુ તેમ છતાં ગયા અઠવાડિયે કોવિડ-૧૯થી દર ૪૪ સેકંડમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે." તેમણે કહ્યું, "તેમાંના મોટા ભાગના મૃત્યુને ટાળી શકાય છે. તમે મને એમ કહેતા સાંભળીને કંટાળી ગયા હશો કે રોગચાળો સમાપ્ત થયો નથી, પરંતુ જ્યાં સુધી આ વાયરસ સમાપ્ત ન થાય ત્યાં સુધી હું તે કહેતો રહીશ. ડબ્લ્યુએચઓ આવતા અઠવાડિયે છ સંક્ષિપ્ત નીતિનો સમૂહ પ્રકાશિત કરશે, જેમાં તમામ સરકારો ટ્રાન્સમિશન ઘટાડવા અને જીવન બચાવવા માટે તમામ સરકારો લઈ શકે તેવા જરૂરી પગલાંની રૂપરેખા આપશે. સંક્ષિપ્તમાં પરીક્ષણ, ક્લિનિકલ મેનેજમેન્ટ, રસીકરણ, ચેપ નિવારણ અને નિયંત્રણ, જોખમ સંદેશા વ્યવહાર અને સામુદાયિક જોડાણ, અને ઈન્ફોડેમિક્સના સંચાલનના આવશ્યક તત્વોને આવરી લેવામાં આવશે ડબ્લ્યુએચઓના વડાએ જણાવ્યું હતું કે, "અમે આશા રાખીએ છીએ કે દેશો આ સંક્ષિપ્ત વર્ણનોનો ઉપયોગ સૌથી વધુ જોખમમાં રહેલા લોકોની સુરક્ષા માટે, જેમને તેની જરૂર છે તેમની સારવાર કરવા અને જીવન બચાવવા માટે તેમની નીતિઓનું ફરીથી મૂલ્યાંકન કરવા માટે કરશે." ઘેબ્રેયેસે જણાવ્યું કે, "જ્યારે યુ.એસ.માંથી નોંધાયેલા કેસોમાં પણ છેલ્લા અઠવાડિયામાં ઘટાડો થયો છે, ત્યારે તે પ્રદેશમાં રોગચાળા વિશે નક્કર નિષ્કર્ષ કાઢવું મુશ્કેલ છે." ડબ્લ્યુએચઓ અનુસાર, કુલ ૫૨,૯૯૭ લોકોને મંકીપોક્સ વાયરસનો ચેપ લાગ્યો છે. છેલ્લા ચાર અઠવાડિયામાં નોંધાયેલા કેસોમાંથી ૭૦.૭ટકા અમેરિકા અને ૨૮.૩ ટકા યુરોપમાંથી આવ્યા છે દેશમાં કોરોનાના નવા કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના પ હજાર ૭૬ નવા કેસ નોંધાયા છે અને ૧૧ સંક્રમિતોના મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૭ હજાર ૯૪૫ થઈ છે. કુલ ૪ કરોડ ૩૯ લાખ ૧૯ હજાર ૨૬૪ લોકો કોરોના મુક્ત થયા છે. મૃત્યુના કુલ આંકડા ઉપર નજર કરીએ તો આ આંકડો પ લાખ ૨૮ હજાર ૧૫૦ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૪ કરોડ ૯૫ લાખ ૩૬ હજાર ૭૪૪ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૭ લાખ ૮૧ હજાર ૭૨૩ ડોઝ અપાયા હતા.

સરગવાની શીંગમાં ગટરનાં પાણીને શુધ્ધ કરવાની તાકાત, સંશોધનમાં ખુલાસો

નરસિંહ મહેતા યુનિ.નાં સંશોધનને ઈન્ટરનેશનલ જર્નલમાં પ્રસિધ્ધિ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

સરગવાની શીંગ પોષક તત્વોનો ખજાનો ગણાય છે. સરગવાની શીંગ નિયમિત ખાવી જોઈએ તેવું તબીબો સલાહ આપે છે. ત્યારે સગરવાની શીંગનો વધુ એક ગુણ સામે આવ્યો છે. ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં લાઈફ સાયન્સ વિભાગે શોધી કાઢયું કે, સરગવાની શીંગમાં અશુધ્ધ પાણીને શુધ્ધ કરવાની તાકાતછે. યુનિવર્સિટી દ્વારા કરાયેલું આ સંશોધન અનોખું છે. ગિરનાર જંગલમાં પરજીવી વનસ્પતિ શોધવામાં સફળ થયેલા ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં લાઈફ સાયન્સ વિભાગનો વધુ એક મહત્વનાં સંશોધનમાં સફળતા મળી છે. આ શોધને ઈન્ટરનેશનલ જર્નલમાં પણ પ્રસિધ્ધિ મળી છે, જેમાં સરગવાની શીંગમાં રહેલા બીજને અલગ કરી એના ગર્ભમાંથી અશુધ્ધ પાણીને શુધ્ધ કરવામાં સફળતા મળી છે.

આ સંશોધનમાં એ પણ સાબિત થયું છે કે, ખાવામાં ઉપયોગી નાથી એવા જંગલી સરગવાની શીંગમાંથી પણ અશુધ્ધ પાણીને શુધ્ધ કરી શકાય છે. જૂનાગઢની ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં લાઈફ સાયન્સ વિભાગનાં વડા ડો. સુહાસ વ્યાસ, ડો. દુષ્યંત દુધાગરા અને વૈશાલી વરસાણી દ્વારા એક રિસર્ચ હાથ ધરાયું હતું. આ સંશોધન ગંદા પાણીને શુધ્ધ કરવા માટે કરવા ઉપર હતું. જેમાં વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા. વિવિધ પ્રયોગ કર્યા બાદ સામે આવ્યું કે, સરગવાની શીંગમાં અશુધ્ધ પાણીને શુધ્ધ કરવાની તાકાત છે. સરગવાની શીંગની મદદથી ગંદા પાણીની ટર્બિનિટી ઓછી થઈ ગઈ. સાથે જ પાણીમાં રહેલા બેકટેરીયા અને વાયરસ પણ મરી ગયા. સંશોધન કરનારી ટીમ ખાસ રીતથી સંશોધન કર્યું. સરગવાની શીંગમાંથી બીજને અલગ કર્યાબાદ એના ગર્ભને સુકવી નાખી એનો પાઉડર બનાવ્યો. ત્યારબાદ એમાં એસિડિક દ્રાવણ મેળવી ફરીથી સુકવી આ પાઉડરને અશુધ્ધ પાણીમાં મિકસ કર્યો. જેનાં બાદ લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરાયું હતું. એક લિટર અશુધ્ધ પાણીમાં માત્ર ૧ ગ્રામ પાઉડર ઉમેરવામાં આવ્યો હતો. આ બાદ સાબિત થયું કે, માત્ર ૩૦ મિનિટમાં પાણીમાંથી અશુધ્ધિઓ ગાયબ થઈ ગઈ હતી. અશુધ્ધ પાણીમાં આ પ્રકારની પ્રોસેસ કર્યા બાદ જોવા મળેલી શુધ્ધતાથી એ સાબિત થયું છે કે, આપણે જે પાણીને ગંદુ ગણીને ઉપયોગ નથી કરતા એનો આરીતે શુધ્ધીકરણ બાદ ફરીથી ઉપયોગ કરી શકાય છે. પ્રાથમિક તબક્કામાં થયેલા સંશોધન દરમ્યાન એ તો સ્પષ્ટ થઈ ગયું છે કે, જે ગંદા પાણીનો ઉપયોગ કયાંય ન થઈ શકતો હોય એનું આ ટ્રીટમેન્ટથી શુધ્ધીકરણ થાય. આ પાણીનો કમસે કમ સિંચાઈ માટે તો ઉપયોગ થઈ જ શકે છે. આ સંશોધનની ખાસ વાત એ છે કે, સંશોધન જંગલી સરગવા ઉપર કરવામાં આવ્યું હતું. જેનાં બાદ આ પરિણામ મળ્યું. સંશોધનથી સાબિત થયુંકે, જંગલી સરગવાની શીંગમાંથી ગટરનાં પાણીને પણ શુધ્ધ કરવાની તાકાત છે.

વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત જૂનાગઢ શહેરના વિકાસ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ ખાતમુર્હુત કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ખાતે જૂનાગઢ શહેરના વિવિધ વિકાસ કામોનું રૂા. ૧૧.૭૮ કરોડના ખર્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ્હસ્તે વર્ચ્યુઅલ ખાતમુર્હુતનો કાર્યક્રમ યોજાયો હતો.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કેન્દ્ર સરકારની અમૃત યોજના અંતર્ગત વોટર સપ્લાય પ્રોજેકટ ઝોન-૨ ની રૂા. ૧૧.૧૮ કરોડના ખર્ચે ઉંચી ટાંકી, સંમ્પ, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક તથા પંમ્પીંગ સ્ટેશનની કામગીરી તેમજ રાજય સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુપીડી-૭૮ વર્ષ ૨૦૨૧-૨૨ની ગ્રાન્ટ અંતર્ગત રૂા.૫૯.૮૯ લાખના ખર્ચ વોર્ડ નં.૪માં રીનોવેશન ઓફ સરદાર પટેલ સ્ટેચ્યુ સર્કલ, રોડ એન્ડ ડ્રેનેજ ઈન જોષીપરા શાકમાર્કેટની કામગીરીનો વોટર વર્કસ પંમ્પીંગ સ્ટેશન, ધરમ અવેડા, ગાંધીગ્રામ તથા જોષીપરા શાકમાર્કેટ, પાદર ચોક ખાતેથી પ્રારંભ સંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમા, મેયર ગીતાબેન પરમાર, જીલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, કમિશ્નર રાજેશ એમ. તન્ના, સ્થાયી સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણા, વોટર વર્કસ ચેરમેન કુસુમબેન અકબરી, સભ્ય ગોપાલભાઈ રાખોલીયા, પ્રફુલાબેન ખેરાળા, ધર્મેશભાઈ પોશીયા, ભાજપ અગ્રણી પ્રદિપ ખીમાણી, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા તથા કાર્યપાલક ઈજનેર (પા.પુ.) અલ્પેશ ચાવડા વગેરેની ઉપસ્થિતીમાં કરાવવામાં આવેલ હતું. અમૃત યોજના અંતર્ગત શહેરના વોર્ડ નં.૧૪ વિસ્તારમાં ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક થકી ૨૯.૫ કિ.મી. નવી પાઈપલાઈન નાખવામાં આવશે, ૨૩ લાખલી. ક્ષમતાની ઉંચી ટાંકી ૩૭ લાખલી. ક્ષમતાનો સમ્પ, પંમ્પીંગ સ્ટેશન તથા પંમ્પીંગ મશીનારીની કામગીરી કરવામાં આવનાર છે. જેનાથી વિસ્તારની જુદી જુદી સોસાયટીઓ જેવી કે, ગિરનાર, મહાલક્ષ્મી, પંચશીલ, હાઉસીંગ બોર્ડ, સિંધી સોસાયટી, સંજયનગર, સીટી બસ કોલોની ૧થી ૭, ભુવનેશ્વરી ૧થી ૬, સ્વામિ વિવેકાનંદ, ગીરી વિહાર, ઓમનગર, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાછળનો વિસ્તાર, પોસ્ટ ઓફીસ પાછળ વગેરે વિસ્તારના અંદાજે ૩૦,૦૦૦ લોકોને ફિલ્ટર કરેલ પાણી પુતા ફોર્સથી ઘરે ઘરે નળ કનેકશનથી વિતરણ કરી શકાશે.

મેખડી ગામે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ, પોષણ માહ-૨૦૨૨ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા

સ્વચ્છ બાળ સ્પર્ધા યોજાઈ, વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના મેખડી ગામમાં આંગણવાડી મેખડી–૪ (નંદઘર)ના મકાન બાધકામનું લોકાર્પણ પશુપાલન અને ગૌ સંવર્ધન રાજય મંત્રી દેવાભાઈ માલમના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ તકે જિલ્લા પંચાયતના સભ્ય સોમાતભાઈ વાસણ તથા જિલ્લા પ્રોગ્રામ ઓફીસર શારદાબેન દેસાઈ તથા તાલુકા વિકાસ અધિકારી અલ્પેશ જોષી તથા તાલુકા ભાજપ પ્રમુખ દાનભાઈ બાલસ તથા મેખડી ગામના સરપંચ વિરમભાઈ ઓડેદરા, ગીતાબેન માલમ તથા અન્ય અધિકારી તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત (રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતર્ગત) હાલ પોષણ માહ-૨૦૨૨ની ઉજવણી ચાલુ હોય જે પોષણ માસની થીમ વાઈઝ ઉજવણી કરવામાં આવી હતી. ગામના લાભાર્થી સુધી કુપોષણ દુર કરવા માટેના સુચનો તથા પોષણ શપથ લેવડાવવામાં આવ્યા હતા. પોષણ માહની ઉજવણી સાથે સાથે 'સ્વચ્છ બાળ સ્પર્ધા'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છ બાળ તરીકે ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરેલ વિજેતા બાળકોને ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજનાના લાભાર્થી બહેનોને કિટ વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

આ કાર્યક્રમ માટે આઈ.સી.ડી.એસ. ઘટક માંગરોળના મેખડી ગામમાં આંગણવાડી લોકાર્પણ તેમજ પોષણ માહની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા વિકાસ અધિકારી, સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્ય તથા માંગરોળ ઘટકના ઈ.ચા. અધિકારી પ્રવિણાબેન ખીમસુર્યા તથા મેખડી સેજાના સુપરવાઈઝર ઈલાબેન પરમાર તથા આઈ.સી.ડી.એસ. ઘટકના તમામ સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

જૂનાગઢ જીલ્લામાં ૧.૨૮ લાખ પોલીયો રસીના ડોઝની ફાળવણી

૧૮મી સપ્ટેમ્બરે ૦ થી ૫ વર્ષનો એક પણ બાળક 'દો બુંદ'થી વંચિત ન રહે તે માટે ૧૧૭૭ ટીમની રચના : ૭૫૭ બુથ ઉપર રસી પીવડાવવાશે : રસીકરણ માટે ૧૧૭૩૨ નક્કી કરાયા

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ જિલ્લામાં ૧૮મી સપ્ટેમ્બરે (રવિવાર) ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે જિલ્લામાં ૧.૨૮ લાખ જેટલા પોલિયો રસીના ડોઝ ફાળવી દેવામાં આવ્યા છે. આમ, ૦ થી ૫ વર્ષનું એક પણ બાળક 'દો બુંદ'થી વંચિત ન રહે તે માટે કુલ-૧૧૭૭ જેટલી ટીમની રચના કરવામાં આવી છે.

કલેકટર કચેરી ખાતે આ સંદર્ભે નિવાસી અધિક કલેકટર એલ. બી. બાંભણિયાના વડપણ હેઠળ મળેલી બેઠકમાં પોલિયોની રસી ૦ થી ૫ વર્ષના બાળકોને સુલભતાથી ઉપલબ્ધ થાય તે માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. જૂનાગઢ જિલ્લામાં ૧૮મી સપ્ટેમ્બરે ૭૫૭ જેટલા બુથ ઉપર પોલિયોની રસી આપવામાં આવશે. ત્યારબાદ તા.૧૯ તથા ૨૦ સપ્ટેમ્બરના રોજ ડોર-ટુ-ડોર પોલિયોની રસી આપવા આવશે. જાહેર સ્થળો અને વાડી વિસ્તારમાં પણ પોલિયોની રસી આપવા માટે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પોલિયોની રસીની અગત્યતા વિશે CDHO ડો. સંજય કુમાર અગ્રવાલએ વિસ્તૃત છણાવટ કરી હતી. RCH ડો. મનોજ સુતરીયાએ પોલિયોની રસી આપવાના આગોતરા આયોજન સંદર્ભે પ્રેજન્ટેશન રજૂ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારતને વર્ષ-૨૦૧૪માં પોલિયો મુક્ત ઘોષિત કરવામાં આવ્યું હતું. પરંતુ પડોશી રાષ્ટ્ર પાકિસ્તાન, અફઘાનિસ્તાનમાં પોલિયોનો કેસ જોવા મળી રહ્યા છે. જેથી અગમચેતીના ભાગરૂપે કેન્દ્ર-રાજ્ય સરકાર પોલિયોની રસી આપવા પર ભાર આપી રહી છે. આ બેઠકમાં જિલ્લા-તાલુકા કક્ષાના આરોગ્ય અધિકારીઓ-તબીબો સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ : ઝુંપડપટ્ટી વિસ્તારોમાં બાળકોને નાસ્તાનું વિતરણ

જૂનાગઢ તા. ૧૪

હુમાનીટી ફર્સ્ટ ગ્રુપ દ્વારા દાતાઓના સહકારથી નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝુપડપટ્ટી વિસ્તારમાં ૨૦૦ જેટલા બાળકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીગ્રામ, સીએલ કોલેજ પાછળના વિસ્તારમાં બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉદ્દમી નેશનલ ગેમ્સનું યજમાન બન્યું છે ગુજરાત : રમતો માટે ઉભી કરાશે જનજાગૃતિ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ૧૫મી સપ્ટેમ્બરે જીલ્લા કક્ષાનો કાર્યક્રમ, સ્કૂલ-કોલેજોમાં રમતોત્સવનું આયોજન

કેશોદ, માંગરોળ અને વિસાવદરમાં તાલુકા કક્ષાના કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૧૪

ગુજરાત રાજય ૩૬મી નેશનલ ગેમ્સનું યજમાન બન્યું છે ત્યારે રાજયભરની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ રમત ગમત પ્રત્યે એક વ્યાપક જનજાગૃતિ ઉભી થાય તે માટે આગામી તા.૧૫ના રોજ સવારે ૧૧ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જિલ્લા કક્ષાનો અને કેશોદ, માંગરોળ તથા વિસાવદર ખાતે તાલુકા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ-રમતવીરોને પ્રોત્સાહન આપવા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી હેઠળની ૪૨ કોલેજોમાં અને જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૧૬ સપ્ટેમ્બરના રોજ વિદ્યાર્થીઓની રમતોમાં રુચિ કેળવાય અને આ ક્ષેત્રમાં આગળ વધે તે માટે પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પણ તા.૧૭ના રોજ આ જ પ્રકારે કાર્યક્રમો યોજવામાં આવશે. આ કાર્યક્રમોની સાથે ઈનડોર-આઉટડોર રમતો પણ રમવામાં આવશે.

આત્રિ-દિવસીય કાર્યક્રમોમાં સુચારૂ વ્યવસ્થાઓ જળવાઈ રહે તેના સંદર્ભમાં નિવાસી અધિક કલેકટર એલ. બી. બાંભણિયાએ જરૂરી માર્ગદર્શન આપવાની સાથે રચનાત્મક સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરેએ કાર્યક્રમોના આયોજન વિશે વિગતવાર જાણકારી આપી હતી. આ બેઠકમાં પંચાયત, શિક્ષણ, પોલીસ, આરોગ્ય સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયામાં સાંસદ પુનમબેનના અધ્યક્ષ સ્થાને ૩૬૬ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે પ્રાંત કક્ષાના વિશ્વાસથી વિકાસ કાર્યક્રમ અંતર્ગત રૂા.૧૧.૬૪ કરોડના ખર્ચે વિકાસના ૩૬૬ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ સાંસદ પૂનમબેન માડમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પુનમબેન માડમે જણાવ્યું કે, રાજ્યની ડબલ એન્જિન સરકારે ગુજરાતના લોકોની સુખાકારી માટે અનેક લોકહિત લક્ષી નિર્ણયો લઈને સંકલ્પથી સિદ્ધિ હાંસલ કરી છે. સામાજિક સેવામાં સરકારે સંવેદનાપૂર્વક નિર્ણયો લીધા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસનો પાયો નાંખ્યો છે. તેમના દિશાદર્શનમાં આજે ગુજરાત પણ વિકાસના શિખરો સર કરી રહ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં કેન્દ્ર સરકારની યોજનાઓની અમલવારી કરીને ગુજરાતે નવા સિમાચિહ્ન સ્થાપ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નર્મદા યોજનાથી આવિસ્તારના લોકોને પાણીની જે સુવિધા મળી છે, તે જિલ્લા માટે વરદાનરૂપ સાબિત થઈ છે. જિલ્લાના મુખ્ય જળસ્રોતને નર્મદા યોજના સાથે જોડવામાં આવ્યા છે.

સરકારે સાચા અર્થમાં પ્રજાની વચ્ચે આવીને તેના પ્રશ્નોને વાચા આપવાની સુવિધા ઉભી કરી છે. દરેક વિભાગમાં આયોજનપૂર્વક સમતોલ વિકાસ કરવામાં આવી રહ્યો છે. છેવાડાના માનવીનો પણ વિકાસ થાય તે માટે અનેક યોજનાઓ લાવવામાં આવી છે. આ યોજનાનો લોકો સરળતાથી લાભ લઈ શકે તે માટે પણ અનેરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ખાતમુહૂર્ત અને લોકાર્પણથી ભાણવડ અને ખંભાળિયા તાલુકાના લોકોને અનેક સુવિધાઓ મળી રહેશે. નગરપાલિકા પ્રમુખે વિશ્વાસથી વિકાસ કાર્યક્રમમાં વિકાસના વિવિધ કામોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે. આ કામોથી લોકોની સુખ, સુવિધામાં વધારો કરવા બદલ સરકારનો આભાર વ્યક્ત કરૂ છું. આ કાર્યક્રમ ઈન્ચાર્જ કલેકટર ડી.જે. જાડેજાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત ખંભાળિયા પ્રાંત કક્ષામાં રૂા.૬.૮૨ કરોડના ખર્ચે વિકાસના વિવિધ ૨૨૯ કામોનું ખાતમુહૂર્ત તેમજ રૂા.૪.૭૨ કરોડના ખર્ચે ૧૩૭ કામોનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોએ વિવિધ યોજનાની માહિતી દર્શાવતી ફિલ્મનું નિદર્શન કર્યું હતું. ભાણવડ મામલતદાર ગોહેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ રામદેભાઈ કરમુર, બાંધકામ સમિતિના ચેરમેન જીતેન્દ્ર કણઝારીયા, મહિલા અને બાળ સમિતિના ચેરમેનના પ્રતિનિધિ પ્રતાપ પીંડારીયા, પાલિકા કારોબારી ચેરમેન હિનાબેન આચાર્ય, મહિલા મોરચાના નિમિષાબેન નકુમ, અનીલભાઈ તન્ના, દિનેશભાઈ દતાણી, પ્રભાત કાળુભાઈ ચાવડા, ભરતભાઈ ચાવડા, વિરપારભાઈ ગઢવી, કાનભાઈ કરમુર, પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

લેભાગુ રાજકીય પક્ષોનું રૂા.૪૦૦૦ કરોડનું કૌભાંડ

પોલિટિકલ પાર્ટીઓના બોગસ ડોનેશનના કૌભાંડમાં ૨૩ જેટલા પક્ષોના ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં રૂા. ૪૦૦૦ કરોડના બોગસ ડોનેશનની વિગતો બહાર આવી છે. તેમાંથી અપના દેશ પાર્ટી, લોહશાહી સત્તા પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય પાર્ટીઓ અનુક્રમે રૂા.૭૦૦ કરોડ, ૬૦૦ કરોડ અને ૬૦૦ કરોડથી વધુના બોગસ ડોનેશનના વ્યવહારો કર્યા હોવાનું પકડી પાડવામાં સફળતા મળી છે. ૫૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની બોગસ ડોનેશનના કૌભાંડમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.

૩૦ દિવસનો પ્લાન આપવો જ પડશે: ટ્રાઇનું કંપનીઓને અલ્ટીમેટમ

ટ્રાઈએ તમામ ટેલિકોમ કંપનીઓને મોબાઈલ રિચાર્જની વેલિડિટી ૨૮ દિવસના બદલે ૩૦ દિવસ સુધી આપવાનો નિર્દેશ આપ્યો છે. ટેલિકોમ કંપનીએ પોતાના પ્લાનમાં આખા મહિનાની વેલિડિટી સાથે ખાસ વાઉચર, કોમ્બો વાઉચર લાવવું પડશે. ટ્રાઈએ સાત મહિના પહેલા જ આ સૂચનાઓ આપી હતી. પરંતુ ટેલિકોમ કંપનીઓએ તેનું પાલન કર્યું ન હતું. આનાથી ગ્રાહકોને એક મહિનાના વધારાના રિચાર્જના પૈસાની બચત થશે.

ઉપલા દાતારની સીડીના પ્રવેશદ્વાર પાસેથી પેશકદમી દુર કરવા માંગણી

(તસ્વીર : વિજયત્રિવેદી)

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારબાપુની જગ્યા ખાતે દરેક ધર્મના લોકો દર્શનાર્થે આવે છે તેમજ દાતારબાપુના હજારો ભાવિભકતો, સેવાકો અવાર નવાર દર્શનાર્થેતેમજ દર ગુરૂવારે પણ દર્શનાર્થે આવતા હોય છે.

દરમ્યાન ઉપલા દાતારની ધાર્મીક જગ્યાની તળેટીમાં વિલીંગ્ડન ડેમની પાસે ઉપલા દાતારની સીડીના પ્રવેશદ્વાર પાસે ઉભી કરાયેલી પેશકદમીમાં પોતાનો ધંધો કરતા કેટલાક શખ્સોએ ગેરકાયદેસર રીતે પ્રવેશદ્વારને અડીને પાકુબાંધકામ કરી લીધું છે અને જેનો લઈને યાત્રીકોને અડચણ ઉભી થાય છે જેથી ધંધા રોજગાર કરતા લોકોને ત્યાંથી દુર ખસેડી અને પાર્કીંગ માટેની જગ્યા ખુલ્લી કરાવવા માંગણી કરી છે. વાર તહેવાર અનેખાસ કરીને ગુરૂવાર ભરવા આવતા હજારો યાત્રિકોને આ પેશકદમીના કારણે પોતાના વાહનો પાર્કકરવામાં પણ મુશ્કેલી પડેછે. જેથી આબાબતે તાત્કાલીક પગલા ભરવાની માંગણી કરી છે. ઉપલા દાતારબાપુની જગ્યાના મહંત ભીમબાપુ ગુરૂ પટેલબાપુ તેમજ દાતાર સેવા સમુદાયદ્વારા એક આવેદનપત્ર પણ મહાનગરપાલિકા તંત્રને પાઠવવામાં આવેલ છે તેમજ આ અંગે તાત્કાલીક ઘટી કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના ભાજપના પદાધિકારીઓ સામક્ષ આવેદનપત્રા આપી અને આ બાબતે વહેલીતકે પગલા લેવામાં આવેતેવી માંગણી કરી છે.

જૂનાગઢની બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજનો ગણિત વિષયનો વિદ્યાર્થી ગુજરાતમાં પ્રથમ

ગુજરાત ગણિત મંડળ સંચાલિત પ્રોફેસર એ.આર.રાવ ફાઉન્ડેશન દ્વારા રાજ્ય કક્ષાએ યોજાઈ હતી સ્પર્ધા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

ગુજરાત ગણિત મંડળ સંચાલિત પ્રોફેસર એ. આર. રાવ ફાઉન્ડેશન દ્વારા રાજ્ય કક્ષાની પ્રો. એ.આર. રાવ મેથેમેટિક્સ સ્પર્ધા તૃતીય વર્ષ બી.એસ.સી. (મેથેમેટિક્સ)ના વિદ્યાર્થીઓ માટે પ્રતિ વર્ષ યોજવામાં આવે છે. આ વર્ષે આયોજિત સ્પર્ધાના પ્રસિદ્ધ થયેલા પરિણામ મુજબ સમગ્ર ગુજરાત રાજ્યમાં બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ જૂનાગઢનો વિદ્યાર્થી હેમાણી તુષાર સતીશકુમાર પ્રથમ નંબરે આવેલ છે. સાથે આજ કોલેજના વિદ્યાર્થીઓ બુદ્ધરાણી પ્રેરણા તેમજ જેઠવા આશા આ સ્પર્ધામાં સર્ટિફિકેટ માટે લાયક થયેલ છે. અત્રે નોંધનીય છે કે ગુજરાત રાજ્યની પ્રસિદ્ધ અને અવ્વલ ગણાતી કોલેજો જેવી કેએમ. જી. સાયન્સ કોલેજ - અમદાવાદ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ - અમદાવાદ, પીટી સાયન્સ કોલેજ -સુરત વગેરે કોલેજોના ગણિતશાસ્ત્રના ફાઈનલ વર્ષના કુલ ૨૫૫ તેજસ્વી વિદ્યાર્થીઓ પૈકી બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થી હેમાણી તુષારે પ્રથમ ક્રમ મેળવ્યો છે. વધુ ગૌરવપ્રદ બાબત એ છે કે પ્રોફેસર એ. આર. રાવ જેઓ શતાયુ ગણિતશાસ્ત્રી તરીકે ભારતભરમાં પ્રખ્યાત હતા. તેઓ બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના ગણિતના પ્રાધ્યાપક હતા અને ૩૩ વર્ષ પોતાના જીવનની શ્રેષ્ઠ બાજી અત્રે ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જૂનાગઢ ખાતે પૂર્ણ કરી, ડો. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અમદાવાદની સ્થાપના કરી હતી. અહિં ભારતની સૌપ્રથમ એવી ગણિત વિષયની લેબોરેટરી બનાવેલછે. આ ગણિતશાસ્ત્રીના માનમાં ગુજરાત રાજ્ય ગણિત મંડળે પ્રો. એ. આર. રાવ ફાઉન્ડેશનની રચના કરેલ છે જેમાં વિવિધ શૈક્ષણિક પ્રકલ્પો યોજાય છે તેમાંની એક સ્પર્ધા પ્રો. એ. આર. રાવ ગણિત સ્પર્ધા છે. જૂનાગઢ સાથે જોડાયેલી આ પ્રતિભા અને બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજમાં તેઓના શૈક્ષણિક સંસ્મરણો છે. તેમના નામની સ્પર્ધામાં બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજનો વિદ્યાર્થી ગુજરાત રાજ્યમાં પ્રથમ આવેલ છે તે ગૌરવની ઘટના છે. આ માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. આર. પી. ભટ્ટ, ગણિતશાસ્ત્ર વિભાગના તમામ પ્રાધ્યાપકો અને સમગ્ર કોલેજ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે, તેમ કોલેજના આચાર્ય ડો. આર.પી. ભટ્ટે જણાવ્યું છે.

અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા 'પૂ.બાપુજી'ની આવતીકાલે જન્મ જયંતિ અને ડો.સુભાષ આર્ય કન્યા છાત્રાલયના સ્થાપના દિનની ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

સૌરાષ્ટ્રના અગ્રણી કેળવણીકાર પેથલજીભાઈ ચાવડા પૂ.બાપુજીની જન્મજયંતિ અને ડો.સુભાષ આર્ય કન્યા છાત્રાલયના સ્થાપના દિન સમારોહ ૨૦૨૨નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને આવતીકાલે અનેકવિધ કાર્યક્રમોયોજવામાં આવનાર છે જે અંગેની તૈયારીઓને ઓપ આપવામાં આવી રહયો છે.

રાજયનાં પૂર્વ મંત્રી અને માણાવદરનાં ધારાસભ્ય જવાહરભાઈ ચાવડાનાં પિતાશ્રી અને સૌરાષ્ટ્રનાં અગ્રણી કેળવણીકાર સમાજશિલ્પી તેમજ ડો. સુભાષ એકેડેમી જૂનાગઢનાં આદ્ય સ્થાપક પેથલજીભાઈ ચાવડાની ૯૩મી જન્મજયંતિ અને ડો. સુભાષ આર્ય કન્યા છાત્રાલયનાં ૪૨માં સ્થાપના દિન નિમિતે સામાજીક સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલછે. સંસ્થાનાં વડા જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સમગ્ર સૌરાષ્ટ્રમાં ૧૯૭૬માં શિક્ષણની જયોત શરૂ કરનાર ડો. સુભાષ એકેડેમી અને પરીવાર દ્વારા આજે પણ શિક્ષણની એજ પરંપરા જાળવી રાખી છે અને આવતીકાલે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે જેમાં સવારે રકતદાન શિબિર, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને હાસ્ય દરબારનાં કાર્યક્રમો યોજાશે

સૌરાષ્ટ્રના અગ્રણી કેળવણીકાર સમાજશિલ્પી અને ડો.સુભાષ એકેડેમી જૂનાગઢના આદ્ય સ્થાપક પેથલજીભાઈ ચાવડા પૂ.બાપુજીની ૯૩મી જન્મ જયંતિ તથા ડો.સુભાષ આર્યકન્યા છાત્રાલય જૂનાગઢના ૪૨માં સ્થાપના દિન નિમિત્તે ડો.સુભાષ એકેડેમી ખાતે વિવિધ સામાજીક, સેવાકીયઅને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ડો.સુભાષ માર્ગ ખાતે આવેલ ડો.સુભાષ એકેડેમી ખાતે તા.૧૫/૯/૨૦૨૨ ગુરૂવાર સવારે ૯ કલાકે રકતદાન શિબીર યોજવામાં આવશે જેનું ઉદ્ઘાટન જૂનાગઢના ડીઆઈજી નિલેશ જાજડીયાના હસ્તે થશે. આ તકે મનપાના કમિશ્નર રાજેશ તન્ના, ડીડીઓ મિરાંત પરીખ, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. જયારે આજ દિવસે સાંજે ૫:૩૦ કલાકે જીલ્લા કલેકટર રચિત રાજના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાઈ રહ્યો છે જેના મુખ્ય મહેમાન અને પ્રેરક વકતા તરીકે શૈલેષભાઈ સગપરીયા રહેશે. આત્મીયશ્રીઓ શશીકાંતભાઈ દવે, ઈકબાલભાઈ મારફતીયા, ડો.વી.વી. અઘેરા, ડો.દિવ્યાંગ પટેલ, ડો.સી.ડી. ચાપડીયા, રાજેશભાઈ બુચ, ડો.નૈતિક છત્રાળા, ડો.ઉદય જલુ અને ડો.જે.જી. માકડીયા ઉપસ્થિત રહેશે. જયારે આજ દિવસે એટલે કે, તા.૧૫/૯/૨૦૨૨ને ગુરૂવારે રાત્રે ૯ કલાકે સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં આમંત્રીતોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. ડો.સુભાષ એકેડેમી સંસ્થા પરીવારના જવાહરભાઈ પી. ચાવડાના માર્ગદર્શન હેઠળ ડો.સુભાષ પરીવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત જૂનાગઢ પોલીસે ખોવાયેલા રૂા.૬૨,૨૦૦ શોધી આપી મુળ માલિકને પરત કર્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા ખોવાય ગયેલ રોકડ રૂા.૬૨,૨૦૦/-જૂનાગઢ પોલીસ દ્વારા શોધી કાઢેલ હતો. તા.૧૨-૯-૨૦૨૨ના રોજ સુનીલકુમાર ચુનીલાલ પારેખ જૂનાગઢ શહેરના જગમાલ ચોક ખાતે પ્રતિષ્ઠીત વેપારી હોય અનેકાળવા ચોક પાસે આવેલ બેંકના એટીએમમાં રૂપિયા ડીપોઝીટ કરવા ગયેલ અને તેમાંથી રૂા.૬૨,૨૦૦/- એટીએમના ડેસ્ક ઉપર ભુલાય ગયેલ હતા. થોડી વાર પછી તેમને યાદ આવતા તેઓ એટીએમ ખાતે ગયેલ અને શોધ ખોળ કરેલ, પરંતુ તે રૂા.૬૨,૨૦૦/-ની નોટનું બંડલ ત્યાં હતું નહી, આ રૂપિયા તેમના જીવનની પરસેવાની કમાણી હોય તે અને તેમના પરીવારના સભ્યો વ્યથિત થઈ ગયેલ હતા. સુનીલકુમાર દ્વારા આ બાબતની જાણ બી ડીવીઝન પો.સ્ટે.ના પી.આઈ. એન.એ, શાહને કરતા પી.આઈ. એન.એ.શાહ દ્વારા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને આ બાબતની

જાણ કરતા નેત્રમ શાખા અને બી ડીવીઝન પો.સ્ટે. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેષ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ શેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તેમદદ કરી, પોલીસપ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પો.સ્ટે.ના પી.આઈ. એન.એ.શાહ, એ.એસ.આઈ. ધાનીબેન ડાંગર, પો.કો.પ્રવિણભાઈ વાળા, જેઠાભાઈ કોડીયાતર, રમેશ કરંગીયા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. દેવેનભાઈ સિંધવ, અંજનાબેન ચવાણ, એન્જી. તુષારભાઈ ટાટમીયા દ્વારા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ દ્વારા તે ડેસ્ક ઉપર પડેલ રોકડ રૂા.૬૨,૨૦૦/- એક યુવતીને મળેલ હોવાનું શોધી કાઢેલ હતું. તે યુવતીનો સ્પષ્ટ ચહેરો સીસીટીવી કેમેરામાં આવેલ હતો. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પો.સ્ટે.ના પી.આઈ. એન.એ.શાહ, એ.એસ.આઈ. ધાનીબેન ડાંગર, પો.કો. પ્રવિણભાઈ વાળા, જેઠાભાઈ કોડીયાતર, રમેશ કરંગીયા સહિતની ટીમ દ્વારા તે ચહેરા અધારે તે યુવતીનું નામ-સરનામું શોધી કાઢેલ હતું. બી ડિવિઝન પોલીસ દ્વારા યુવતીને શોધી અને તેમને એટીએમમાં ડેસ્ક ઉપર પડેલ રૂા.૬૨,૨૦૦/- રોકડ રૂપિયાનું બંડલ મળેલ હોવાનું જણાવેલ હતું અને જૂનાગઢ પોલીસે સુનીલકુમારના રોકડ રૂા.૬૨,૨૦૦/- ગણતરીની કલાકોમાં પરત કરેલ હતા. જૂનાગઢ પોલીસ દ્વારા પોતાના ખોવાયેલ રોકડ રૂા.૬૨,૨૦૦/- સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને સુનીલકુમાર દ્વારા પોતે નાનો વેપારી હોય, રૂા.૬૨,૦૦૦/- જેવી રકમ પોતાના માટે ખૂબ અગત્યની હોય જૂનાગઢ પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાના વ્યવહારો ગોટે ચડી જવાનું જણાવી, જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ શેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદનાપૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અનેબી ડિવિઝન પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા સુનીલકુમારના રૂા.૬૨,૨૦૦/- રોકડ રકમનું બંડલ ગણતરીની કલાકોમાં પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસપ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

ગીરગઢડાના દ્રોણ ગામે બે દિવસ પહેલા થયેલ યુવકની હત્યા મામલે બે સગા ભાઈઓને ઝડપી લેવાયા

મૃતક યુવક અવાર નવાર ઉછીના પૈસા માંગીને ગાળાગાળી કરી હેરાન કરતો હોવાથી કાયમી છુટકારો મેળવવા બંને ભાઈઓએ કાવતરૂ રચી હત્યાને અંજામ આપ્યો હોવાની કબુલાત આપી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૪

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડાના દ્રોણ ગામએ બે દિવસ પહેલા થયેલ યુવકની હત્યા મામલે પોલીસે બે ભાઈઓની ધરપકડ કરી ભેદ ઉકેલી નાંખ્યો છે. મૃતક યુવક ઉછીના પૈસા માંગી અવાર નવાર હેરાન કરી ત્રાસ આપતો હોવાથી કંટાળી જઈ કાવતરૂ રચી હત્યા કરી હોવાની પકડાયેલ આરોપીઓએ કેફીયત આપી છે. જો કે આ ઘટના અંગે પોલીસે પુરાવા એકત્ર કરવા માટે વધુ ઉંડાણ પૂર્વક તપાસ હાથ ધરી છે. આ ઘટના અંગે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પત્રકાર પરીષદ યોજી માહિતી આપતા જણાવેલ કે, બે દિવસ પૂર્વે તા.૧૧ ના રોજ ગીરગઢડા તાલુકાના દ્રોણથી ફાટસર ગામ તરફ જતા માર્ગ ઉપર દ્રોણ ગામે રહેતા મનસુખ કેશુભાઈ સાંખટ (ઉ.વ.૨૫) નામના યુવાનની અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથીયારના ઘા મારી હત્યા કરી હોવાનો બનાવ બનેલ હતો. જેની જાણ થતા ગીરગઢડા પોલીસ સ્ટાફ એ ઘટના સ્થળે દોડી જઈ યુવકના મૃતદેહને પીએમ અર્થે જામનગર મોકલેલ હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈ ભનુ સાંખટની ફરીયાદ નોંધી હત્યાનો ભેદ ઉકેલવા એલસીબી સહિતની પોલીસની જુદી જુદી ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેમાં એલસીબી પીએસઆઈ કે.જે.ચૌહાણની ટીમને અંગત બાતમીદારો પાસેથી મળેલ બાતમી અને ટેકનીકલ સર્વેલન્સ થકી મળેલ માહિતીના આધારે હત્યા કરનાર દેવાયત ટપુભાઈ રામ (ઉ.વ.૩૫) તથા રામભાઈ ટપુભાઈ રામ (ઉ.વ.૫૦) બંને રહે.દ્રોણ-ગીરગઢડા વાળની અટક કરી આગવીઢબે પૂછપરછ કરી હતી. જેમાં મૃતક યુવક મનસુખ કેશુભાઈ સાંખટ કોઈ કામ ધંધો કરતો ન હોય અને આરોપી રામભાઈ અને તેના પુત્રો માલઢોર ચરાવવા જતા ત્યારે અવાર નવાર ઉછીના પૈસાની માંગણી કરી અપશબ્દો ભાંડીને હેરાન કરતો હતો. જેનાથી કંટાળી ગયા હોવાથી મનસુખની હત્યાનું પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે બે દિવસ પૂર્વે રાત્રીના સમયે છરી અને લોખંડનો સળીયો મારી હત્યા નિપજાવી હોવાની બંને પકડાયેલા આરોપીઓએ કબુલાત આપી છે. આ મામલે પુરાવાઓ એકત્ર કરવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં તલવાર તથા લોખંડનાં સળીયા વડે હુમલો : ૩ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢનાં સ્વામિ વિવેકાનંદની પ્રતિમા નજીક, દાતાર રોડ ઉપર ગઈકાલે રાત્રીનાં ૧૨:૩૦નાં અરસામાં બનેલા એક બનાવમાં તલવાર તથા લોખંડનાં સળીયા વડે હુમલો કરવામાં આવેલ છે. ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે એડીવીઝન પોલીસો આપેલી વિગત અનુસાર, દાતાર રોડ, સંજય ગોડાઉન પાસે રહેતા એઝાઝખાન અનવર ખાન પઠાણ (ઉ.વ.૩૨)એ મોહસીન ઉર્ફે ચડી ભુરાભાઈ પઠાણ, મોહસીન ઉર્ફે હયલો અયુબ ખાન પઠાણ તેમજ રૂકસાનાબેન અયુબ ખાન પઠાણ વિરૂધ્ધ એવી ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી કાળવા ચોક તરફ જતા હતા ત્યારે સ્વામિ વિવેકાનંદની પ્રતિમા પાસે આ કામનાં આરોપીઓએ તલવાર તથા અણીવાળા લોખંડનાં સળીયા વડે માર મારી તેમજ ઢીકાપાટુનો માર અને બિભત્સ શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં કેડીટ કાર્ડની લીમીટ વધારી રૂા.૫૯,૨૩૩ની છેતરપીંડી કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ નવાનગર વાડા, પ્રતિભા એપાર્ટમેન્ટ, બ્લોક નં-એ/૨૭માં રહેતા રેશમાબેન ઘનશ્યામભાઈ જેશવાણી સીંધી (ઉ.વ.૪૧)એ અજાણ્યા મોબાઈલ નંબર ૮૪૨૦૧૨૬૫૪૧નાં જે તે વખતે ઉપયોગ કરનાર તથા તપાસમાં મળી આવે તે તમામ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, અજાણ્યા મોબાઈલ નંબરમાંથી ફોન કરનાર ઈસમે ફરિયાદીને ફોન કરી કહેલ કે, એસબીઆઈ કેડીટ કાર્ડમાંથી બોલું છું તેમ જણાવી વિશ્વાસમાં લઈ ફરિયાદીનાં કેડીટ કાર્ડની લીમીટ રૂા.૧ લાખ સુધી વધારી આપવાની લાલચ આપી કેડીટ કાર્ડની વિગત મેળવી અને ઓટીપી મેળવી લઈ કેડીટ કાર્ડમાંથી રૂા.૫૯,૨૩૩નું ટ્રાન્જેકશન કરી લઈ ફરિયાદી સાથે ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘનું સંમેલન મળશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ જીલ્લા (સો૨૮) નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘનું સંમેલન તા. ૨૩-૯-૨૨ને રવિવારનાં રોજ જૂનાગઢ ખાતે ગાંધીગ્રામ, ઉનેવાળ બ્રહ્મસમાજની વાડીમાં સવારે ૯ કલાકે યોજાશે. જેમાં જૂનાગઢ જીલ્લાનાં નિવૃત થયેલા શિક્ષકો, કેળવણીકારો તથા દરેક કર્મચારીનું સન્માન કરવામાં આવશે જેમાટે નિવૃત થતાં સભ્યોએ સંઘનાં કાર્યાલય જીતેન્દ્ર પાર્ક, ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે તેઓની પીપીનઓ બુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ મોકલવાની રહેશે તેમ જૂનાગઢ જીલ્લા (સો૨૮) નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ મેણંદભાઈ ડાંગરની યાદીમાં જણાવેલ છે.

:: અવસાન નોંધ ::

જૂનાગઢ : દિલીપભાઈ રમણલાલ પાઠક (ઉ.વ. ૬૫) (મોટી કુંકાવાવ) (રીટાયર્ડ ટ્રેઝરી ઓફીસર) તે હંસાબેન જોષી (રીટાયર્ડ પ્રિન્સીપાલ બાંટવા)ના પતિ, જય, આભાબેનનાં પિતા, સ્વ. અશોકભાઈ, સ્વ. જયંતભાઈ, બકુલભાઈનાં ભાઈ, બ્રિજેશકુમાર વ્યાસ (અમરેલી), યશીકા જયકુમાર પાઠકનાં સસરાનું તા. ૧૨-૯-૨૨નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૫-૯-૨૨નાં રોજ સાંજે ૪ થી ૬ સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, શિવનગર, જોષીપરા, જૂનાગઢ ખાતે રાખેલ છે.

મેંદરડા તાલુકાનાં સોંદરડા ગામે કારખાનામાંથી ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

કેશોદનાં આંબાવાડી વિસ્તારમાં રહેતા રજનીકાંતભાઈ પરશોતમભાઈ ફળદુએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવી ફરિયાદ નોંધાવી છે કે, સોંદરડા ગામની ભોલો ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલ ફરિયાદી તથા સાહેદોનાં કારખાના તથા દુકાનનાં દિવસ અથવા રાત્રીનાં સમયગાળા દરમ્યાન તાડા તથા બારીઓ તોડી અને અલગ-અલગ કારખાનામાંથી કુલ રૂા.૨૯,૨૦૦ની ચોરી કરી ગયાનો બનાવ પોલીસ દફતરે નોંધાતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ચોરવાડ અને માળીયા પંથકમાં જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ચોરવાડ પોલીસે કુકસવાડા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સોને રૂા.૧૦,૪૫૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. જયારે માળીયા હાટીના પોલીસે કાલીભંડા ગામેથી ૬ શખ્સોને રૂા.૧૩,૧૨૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે અને તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરી છે.

સિનીયર સિટીઝન્સ મંડળ જૂનાગઢની માસિક મીટીંગ ૧૮ સપ્ટેમ્બરે મળશે

જૂનાગઢ તા. ૧૪ : સિનીયર સિટીઝન્સ મંડળ જૂનાગઢના સભ્યોની માસિક મીટીંગ તા.૧૮-૯-૨૨ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યે માળી જ્ઞાતિની વાડી, ભરડાવાવ જૂનાગઢ ખાતે મળશે. આ મીટીંગમાં હાજર રહેનાર તમામ સભ્યોએ પોતાનું ઓળખકાર્ડ તથા ૨૦૨૨-૨૩ના વર્ષનું મીટીંગ અનુદાન કાર્ડ સાથે લાવવાનું રહેશે જેની નોંધ લેવી તેમ એક યાદીમાં જણાવાયું છે.

જાહેર નોટીસ

જૂનાગઢનાં નામ. મહે. ત્રીજા એડીશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં,
મુ. જૂનાગઢ (જે.એન. મહેતા સાહેબની કોર્ટ)

દિ.પ.અ.નં. ૧૨૬/૨૦૨૨

મુદત તારીખ : ૦૩-૧૦-૨૦૨૨

ગુજરનાર ઈશ્વરલાલ જમનાદાસ સાગરનાં સીધી લીટીનાં વારસ

(૧) શ્રી પંકજભાઈ ઈશ્વરલાલ સાગર

ઉ.વ.આ. ૪૧, ધંધો - જ્વેલર્સ

રહે. સાગર જ્વેલર્સ, ચોકસી બજાર, જૂનાગઢ

..... અરજદાર

વિરૂદ્ધ

XXXXXXXXXXXX .....સામાવાળા

અરજદાર તરફે વિ. વકીલશ્રી જે.એચ. ધમાણી

નોટીસથી તમામ લાગતા વળગતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, ઉપર લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરી ગુજરનાર ઈશ્વરલાલ જમનાદાસ સાગરનાં સીધી લીટીનાં વારસ તરીકે તેમના પુત્ર શ્રી પંકજભાઈ ઈશ્વરલાલ સાગરનાંઓએ તેમના ગુજરનાર પિતાશ્રીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દિવાન ચોક શાખામાં પબ્લીક પ્રોવિડન્ડ ફંડ યોજનામાં એકાઉન્ટ નં. ૩૦૭૨૩૨૪૩૭૦૧ માં ફકત રૂા. ૧,૭૫,૩૪૮/- જમા પડેલ છે તે રકમ અરજદારનાં ગુજરનાર પિતાશ્રીએ તા. ૨૪-૦૯-૨૦૧૪ના રોજ દ.અ.નં.૬૩૪થી સબ રજીસ્ટ્રારશ્રી, જૂનાગઢ સમક્ષ કરવામાં આવેલ રજીસ્ટર્ડ વીલના આધારે વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમાં અરજી રજુ કરેલ હોય જેની સામે જે વ્યકિત, સંસ્થા, પેઢી વગેરે કોઈપણને વાંધો તકરાર હોય તેઓએ વાંધા તકરાર રજુ કરવા અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૦૩-૧૦-૨૦૨૨ના સવારે ૧૦:૪૫ કલાકે જાતે અથવા તેમના જાણકાર વકિલ મુખત્યાર મારફત હાજર રહેવું, અન્યથા નિર્દિષ્ટ આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજ તા. ૧૨મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરેલ છે.

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર સહી અવાચ્ય (એમ.વી. શામળા) આસીસ્ટન્ટ

તપાસનાર સહી અવાચ્ય (ડી.પી. ઉનાગર) સુપ્રિ.

હુકમથી સહી અવાચ્ય (આર.એન. વઢવાણા) રજીસ્ટ્રારશ્રી મુખ્ય સીની. સિવિલ કોર્ટ જૂનાગઢ

વિસાવદરનાં ધારાસભ્ય હર્ષદ રીબડીયાનો ખેડૂતોને સધિયારો, જરૂર પડે તો અડધી રાતે સાદ પાડજો

ખેડૂતોને રંજાડ કરનારા તત્વોનાં મુકાબલા માટે ધારાસભ્ય હર્ષદ રીબડીયા બંધુક લઈ દોડી ગયા

(પ્રતિનિધિ દ્વારા)
વિસાવદર તા.૧૪

જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર તાલુકાનાં ભૂતડી (રામગઢ) ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોથી બુકાનીધારી ગેંગનો ભારે ત્રાસ હોય અને આ વિસ્તારમાં ખેડૂતોને ધાક-ધમકી આપવાનાં સતત બનાવો બની રહ્યા છે અને ભયનું સામ્રાજય ફેલાયેલ છે. દરમ્યાન આ વિસ્તારનાં ખેડૂત પુત્ર તેમજ જાગૃત ધારાસભ્ય હર્ષદ રીબડીયા ગઈકાલે આવારા તત્વોનો ડર ખેડૂતોમાંથી નીકળી જાય તેમજ આવા તત્વો સામે વિરોધ, વંટોળ માટે સજજ થઈ અને બંધુક સાથે દોડી જતા આવારા તત્વોની ટોળકી નાશી છુટી હતી. ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ ખેડૂતોને જણાવ્યું હતું કે, અડધી રાત્રે જરૂર પડે તો સાદ પાડજો. વિસાવદર-ભેસાણ વિસ્તારના કોંગ્રેસના દબંગ ગણાતા ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયાના જણાવ્યા અનુસાર વિસાવદર તાલુકાના ભૂતડી (રામગઢ) ગામની સીમમાં છેલ્લા વિસેક દિવસથી અસામાજિક તત્વોની છ એક જણાની ગેંગ બનાવી રાત્રીના સમયે અલગ અલગ ખેડૂતોની વાડીએજઈને ખેડૂતો તેમજ ખેત-મજુરો વાડીના મકાનમાં સુતા હોય ત્યારે મકાનના બારણામાં પાટા મારીને ધમકીઓ આપે છે તેવી ગામના સરપંચ તેમજ ખેડૂતો દ્વારા મને જાણ કરવામાં આવી. રાત્રે ૧૦ વાગ્યે ખેડૂતોનો મને ફોન આવ્યો કે, અત્યારે આ છ લોકો વાડીએ આવીને વાડીના મકાનમાં અમને પૂરીને બહારથી દરવાજો બંધ કરીને ધમકીઓ આપે છે. આ વાત સાંભળતા જ આ ગુંડાઓની શાન ઠેકાણે લાવવા હું રાત્રે ૧૦:૩૦ કલાકે ચાલુ વરસાદે ભૂતડી ગામે બનાવની જગ્યાએ પહોંચ્યો હતો અને વિસાવદર પોલીસ સ્ટેશને પોલીસ ઈન્સ્પેકટરને ફોન કરી પોલીસને સ્થળ ઉપર બોલાવી રજુઆત કરેલ કે, આવા તત્વોને તાત્કાલિક વોચ ગોઠવીને પકડી પાડીને જેલ ભેગા કરવામાં આવે અને રાત્રીના સીમ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવે તેવી માંગણી કરેલછે. ધારાસભ્ય રિબડીયાના જણાવ્યા અનુસાર તેઓ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે આવારા તત્વોની ટોળકી મુઠ્ઠીઓ વાળીને નાસી છૂટી હતી. દરમ્યાન ઓરડીમાં પુરી દીધેલ ખેડૂત પરિવારને બહાર કાઢી આસપાસના ખેડૂતોને એકત્રિત કરી લેશમાત્ર ચમરબંધીનો પણ ડર ન રાખવા અને અડધી રાત્રે જરૂર પડયેમને ઉઠાડવા ખેડૂતોને પડકારો કર્યો હતો.

જૂનાગઢમાં સોનાનાં દાગીનાની ખરીદી બાદ નાણાં નહીં ચૂકવતા વેપારીએ પોલીસની માંગી મદદ : પોલીસની દરમ્યાનગીરીથી નાણાં મળ્યા પરત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ ઝાંઝડિયા તથા જૂનાગઢ પોલીસવડા રવિ તેજાવાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં રહેતા અને સોનીની દુકાન રાખી, વેપાર કરતા એક વેપારી જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને મળી, પોતાની દુકાને અવાર નવાર સોનાની વસ્તુઓ લેવા આવતા એક માણસને પોતે ઓળખતો હોઈ, દરેક વખતે સોનાના દાગીના લઈને, રોકડા રૂપિયા આપતો હોય, પોતાને વિશ્વાસ બેસેલ હતો. છેલ્લા બે મહિના પહેલા આ માણસ દ્વારા છ લાખ રૂપિયાના સોનાના દાગીના ખરીદ કરી, પોતાને વિશ્વાસ હોય, બે ત્રણ દિવસમાં રૂપિયા પહોંચાડી દેવાની વાત કરેલ હતી. બે ત્રણ દિવસ બાદ તેમજ અવાર-નવાર રૂપિયા માંગતા, બહાના બતાવી, સમય કાઢ્યો હતો. ત્યારબાદ છેલ્લે સોની વેપારી દ્વારા તપાસ કરતા, માતબર રકમનું સોનું લઈ ગયેલ માણસ માથાભારે ઈસમ હોવાની જાણકારી મળેલ અને માથાભારે ઈસમ દ્વારા સોની વેપારીને તારે જવું હોય ત્યાં જા, સોનાના દાગીના કે રૂપિયા ભૂલી જજે... તેવી ધમકી આપી, હાથ ઊંચા કરી દીધા હતા. સોની વેપારી માથાભારે ઈસમ સાથે માથાકૂટ કરી શકે તેમ ના હોય, મદદ કરવા ગળગળા થઈને રજૂઆત કરવા માં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ હરેન્દ્રસિંહ ભાટી, સ્ટાફના હે.કો. દીપકભાઈ, વિક્રમભાઈ, સાહિલભાઈ, યશપાલ સિંહ, દિવ્યેશભાઈ સહિતની ટીમ દ્વારા અરજદારની રજુઆત આધારે મોબાઈલ ફોન નંબર આધારે માથાભારે ઈસમને બોલાવી, પોલીસની ભાષામાં સમજાવતા અને છેતરપિંડી કરવા અંગે કાયદેસર કાર્યવાહી કરવા જણાવતા, માથાભારે ઈસમ પોપટ બની ગયો હતો અને આશરે પાંચેક લાખના સોની વેપારીના ઓરીજીનલ સોનાના દાગીના ઘરેથી મંગાવી, પરત આપી દીધા હતા અને એક સોનાના દાગીના ઉપર લોન લીધેલ હોય, જે બાકી રકમ એકાદ મહિનામાં આપી દેવાની કબૂલાત કરી, ચેક પણ આપી દિધેલ હતો.

યુવક સોની વેપારી દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદારને હવેથી આવા લોકોને સોનાના દાગીના વેંચાણ નહિ કરવા વિનંતી પણ કરવા માં આવેલ હતી. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા યુવાન સોની વેપારી અરજદારને છ લાખ જેટલા માતબર રકમના સોનાના દાગીના પરત અપાવવા મદદ કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

મેનેજમેન્ટ કવોટા બી.એડ્. પ્રવેશ ૨૦૨૨-૨૩

N.C.T.E. માન્ય ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી- જૂનાગઢ સંલગ્ન બી.એડ્. કોલેજમાં પ્રવેશ માટે

● ગુજરાતી ● સંસ્કૃત ● અંગ્રેજી ● હિન્દી ● ગણિત ● વિજ્ઞાન ● કોમર્સ ● સામાજિક વિજ્ઞાન ● અર્થશાસ્ત્ર

વિષયોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ દિવસ-૭ માં રૂબરૂ આવી અરજી કરવી.

ઉમેદવાર ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી -જૂનાગઢમાં મધ્યસ્થ પ્રવેશ સમિતિમાં ફોર્મ ભરેલ હોવું જોઈએ તેમજ પરિક્ષા આપેલ હોવી જોઈએ.

તપોવન કોલેજ ઓફ એજયુકેશન - જૂનાગઢ

બિલખા રોડ, વાયા ટીંબાવાડી - પાદરીયા, જૂનાગઢ. મો. ૯૮૨૫૪ ૭૮૫૪૧

દુકાન ભાડે જોઈએ છે

જૂનાગઢમાં વિકસીત વિસ્તારમાં ચાલુ કન્ડીશનમાં દુકાન ભાડે જોઈએ છે
: સંપર્ક :
મો. ૭૮૭૪૩ ૫૦૯૦૮

:: વેચવાનું છે ::

મોલને લગતી આઈટમ
ડીપ ફ્રીઝ, બોટલ ફ્રીઝ, C.C.T.V. સેટ, એસી સેટ, બોર્ડ, ગ્લાસ સેકસન
:: સંપર્ક ::
મો. ૯૫૧૨૮ ૮૧૭૫૭
મો. ૯૮૯૮૪ ૨૩૯૩૨

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જૂનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેક્શન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો.૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

મીલાદ/ખતમ માટે
★ સ્પે. નાન ખટાઈ મળશે
★ પફ, પાઉં, બ્રેડ ગરમ મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
મો.૯૮૨૪૦૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો.૮૩૨૦૧ ૫૨૭૫૨

સોફાસેટ મેન્યુફેકચર્સ તથા સોફાને લગતા મટીરીયલ માટે અમારી અવશ્ય મુલાકાત લો..

ઓટોમેટીક મશીનથી ઉત્પાદન કરતું જૂનાગઢ જીલ્લાનું એક વિશ્વસનીય વર્કશોપ
આપના જુના સોફાનું આકર્ષક વળતર આપશું | પરફેકટ ફીનીશીંગ, મજબુત ફીટીંગની ગેરંટી સાથે
હસમુખ સોફા વર્કસ
કૈલાસનગર (સ) ઉદયનગર ચોક, ટીંબાવાડી, જૂનાગઢ
ફોન : (૦૨૮૫) ૨૬૭૩૧૫૯, ૨૬૨૩૧૫૯
મો. ૯૪૨૭૫ ૭૧૧૫૯, ૮૪૯૦૯ ૯૧૧૭૪
જૂનાગઢમાં હોમ ડીલીવરી ફ્રી

EST. 1992
Trans Globe
Global Education Specialists
Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe
Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available
Exptert Test Preparations :
IELTS / PTE / TOEFL
2 Years Posl Study work visa Granted**
Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy
Directly dealing with Universities & Visa Office
Trans Globe, 214-216, Raijinagar Complex, Opp. Moti Palace Appartment, Junagadh.
Ph. : 0285 2675213 | M : 88663 28027, 94094 30348
Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 234, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India